# સહજ-સત્સંગ

Year : 3 Issue : 27 Dt. 01-04-2015 Page - 52 માસિક



## શ્રવણમ્



## મા મીરાંબિકા

The Divine law of compassion and mercy is imperative,
but the nature of the action brings you near
to the Divine or takes you away from Him.
That is the Supreme consequence. But He may visit you at any time.
But to withdraw from human beings is impossibility for the Divine.
To understand the Divine one must become Divine

- The Mother Nov. 1966 - 25.7.70, 24.5.72

## જીવનનું ધ્યેય

કૃપા, કરુણાનો નિયમ સફળ, પણ કર્મોનાં પ્રકાર નડે,
પ્રભુથી દૂર કે પાસે લઈ જતાં, તે જ અંતિમ ફળ માનતા,
પણ પ્રભુ તો મળે અચાનક, માનવને ન તરછોડતા,
પ્રભુની રીત પ્રભુ થઈ જાણો, એ નિયમ છે સર્વથા.

## પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

# સામાન્ય માનવ બની વિચર

(તા.૧૦.૦૧.૧૯૧૫. પૃ.૨૦૯)



તે મને બધાં જ ધાર્મિક આનંદમાંથી, બધાં જ આધ્યાત્મિક તીવ્ર રસમાંથી કાપી નાખવાની ઈચ્છા કરી છે..... હરેક સ્થળે, તારી સંપૂર્ણ આનંદમયતા આવી રહેલી છે..... હું જે રીતે તું છું, તે રીતે તું પણ હું છું. પરંતુ જે વસ્તુ થવી જોઈએ તેની સરખામણીમાં આ વસ્તુ તો કાંઈ જ નથી..... તારા પ્રેમ અને પ્રકાશના જ્વાલામુખીને વહેતો કરી દેવો જોઈએ..... ભાષાની બધી જૂની રૂઢિઓને તોડી નાખીને, તને અભિવ્યક્ત કરવા માટે સાચો શબ્દ ઉત્પન્ન થવો જોઈએ..... નીચેની નાનામાં નાની વસ્તુઓ અને ઉપરની ભવ્યમાં ભવ્ય અને વિશાળમાં વિશાળ વસ્તુઓ..... વચ્ચે સમગ્ર ઐક્ય રચાઈ જવું જોઈએ.

તે મને કહ્યું છે, ''સામાન્ય લોકોની વચ્ચે એક સામાન્ય માણસ તરીકે કામ કર.''

શાશ્વત જ્યોતિની મશાલને તું તારી અંદર ધારણ કરી રહી છે અને એ લોકો સાથે સંપર્કમાં રહીને તું આ જ્યોતિને તેમની અંદર લઈ જશે. આ પ્રકાશને તું તારામાંથી બહાર ફેલાવી રહી છે, ત્યાં સુધી તું મારા પ્રેમનું દાન કરી રહી છે ત્યાં સુધી મારો પ્રેમ તારામાં રણઝણી રહ્યો છે એવું તારે અનુભવવું જરૂરી છે ખરું ? જ્યાં સુધી લોકોમાં મારી હાજરીના પરમાનંદની મધ્યસ્થી કરી રહી છે ત્યાં સુધી એ તારે પૂર્ણ રીતે અનુભવવો જરૂરી છે ?

તારી ઈચ્છા પૂર્ણ બનો પ્રભુ, એ જ છે મારું સુખ અને મારો નિયમ.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (સામાન્ય માનવ બની વિચર) | ૩ |
| **પ્રાર્થના છે, અંતરનો પોકાર** | ૬ |
| **દિવ્યજીવન** (વિશ્વસર્જનનો હેતુ) | ૧૦ |
| માતૃવાણી (ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૩) | ૧૨ |
| સાવિત્રી (સાધકની અંધ-શોધ) | ૧૬ |
| યોગ વિષે પત્રો (ઊર્મિમય અને ઊર્ધ્વપ્રાણ) | ૨૦ |
| ઉપનિષદો (મન અને અતિમનસ) | ૨૪ |
| વેદ-રહસ્ય (વરુણ અને મિત્રનું સ્વરૂપ) | ૨૭ |
| શ્રી અરવિન્દ : પોતા વિષે (શિષ્ય તરીકે સ્વીકારવાની શરતો) | ૨૯ |
| **યોગ પર દીપ્તિઓ** (ક્યાં સુધી ?) | ૩૧ |
| **સાંજના વાર્તાલાપો** (આપણી યોગ વિષે ગેરસમજ) | ૩૪ |
| **વેદવિજ્ઞાન** (ગૌણ દેવતાઓ) | ૩૬ |
| **ધ મધર્સ એજન્ડા** (પ્રકાશના અવતરણનું પરિણામ - રૂપાંતર) | ૩૮ |
| **યોગનાં મૂળતત્ત્વો** (કેટલાક સ્પષ્ટીકરણો) | ૪૦ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (કામનામુક્ત કર્મ (૯૫) | ૪૨ |
| **જાતક કથાઓ** (અવિચારી સાહસ) | ૪૪ |
| **શ્રી માતાજી - પરમેશ્વરી** | ૪૫ |
| કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
અંક : ૨૭ વર્ષ : ૩
એપ્રિલ - ૨૦૧૫

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિં પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવાં ચેક, ડ્રાફટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરાં અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

# સામાન્ય માનવ બની વિચર

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ધાર્મિક વિધિઓ કરવાથી મળતી પ્રસન્નતા અને સંતોષમાંથી માતાજીને બાકાત રાખવામાં આવેલાં છે. માતાજી શુદ્ધ અધ્યાત્મ જ સમજે એ પ્રભુની ઇચ્છા છે. પણ માતાજી અનુભવે છે કે તેમને તો પ્રભુની હાજરીનો આનંદ સર્વત્ર મળી રહ્યો છે. આ પ્રકારનો આનંદ એ અંતિમ સ્થિતિ નથી. જે વસ્તુ ભવિષ્યમાં પ્રાપ્ત થવાની છે તે આ કરતાં પણ વધુ ભવ્ય હશે. ભવિષ્યમાં માતાજી પ્રભુનો પ્રેમ અને પ્રકાશને બહાર વહેવડાવવા સમર્થ થવાનાં છે. તે પ્રેમ અને પ્રકાશને તેમણે લોકોમાં વહેવડાવવાનો છે. એવી પ્રભુની ઇચ્છા છે.

તે પ્રેમને વ્યક્ત કરનારાં જૂનાં - પૂરાણા ધાર્મિક શબ્દો હવે નકામા પૂરવાર થવાનાં છે. તેને બદલે નવાં શબ્દો ઘડવા પડશે, જે આજનો માનવી સમજી શકે.

પ્રભુનાં પ્રેમ અને પ્રકાશમાં વ્યવહારમાં જણાતી વસ્તુઓનું મહત્ત્વ હોતું નથી. નિમ્ન અને શ્રેષ્ઠ બધી જ વસ્તુઓને તે એકરૂપ કરી દે છે. એક જ પરમતત્ત્વની અભિવ્યક્તિ માત્ર સમજે છે.

પ્રભુના પ્રેમ અને પ્રકાશને આ રીતે ધારણ કરીને તેને આધુનિક ભાષામાં અભિવ્યક્ત કરવાની ક્ષમતા માતાજીએ કેળવવાની છે. પછી સામાન્ય લોકોમાં સામાન્ય માનવ બનીને તેમણે તે પ્રેમ અને તેજને લોકો તરફ વહાવવાનો છે. લોકોનાં હૃદયમાં સ્થાપવાનો છે.

પ્રભુ જણાવે છે કે તે પ્રેમ અને પ્રકાશમાં તદ્રુપ થઈને રહેવામાં આત્યંતિક સુખ મળે છે, પણ માતાજીએ તેને ત્યાગીને સામાન્ય લોકોમાં વિચરી તે પ્રેમ અને પ્રકાશને અન્યોનાં હૃદયમાં જગાડવો પડશે. ત્યાં સુધી માતાજી તે પ્રેમ અને પ્રકાશમાં લીન થઈને સ્વસ્થ બની નહિ શકે.

માતાજી પ્રભુની જ ઇચ્છા પૂર્ણ થાય એમાં માને છે. પ્રભુનું કાર્ય પૂરું થવું એમાં જ માતાજીને સુખ લાગે છે. તેમાં જ માતાજીને આનંદ આવે છે. તે જ માતાજીના જીવનનો મંત્ર બની રહેશે.

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

બીજું, આજના યુગમાં મનુષ્યને ભારે દોડધામ કરવી પડે છે. દરેક મનુષ્ય એક યા બીજા પ્રકારનો તનાવ અનુભવે છે. આથી માનસિક શાંતિ હણાઈ ગઈ છે. વળી આ ભૌતિક યુગના ભોગવડે દરેક મનુષ્યને ગ્રસી લીધો છે, એથી સતત વધતી જતી જરૂરિયાતો માટે મનુષ્યોને ભારે કામ કરવું પડે છે. ચીડિયો સ્વભાવ, રોગિષ્ટ અને દુર્બળ શરીર, અશાંત મન અને અસલામત જીવન એ આજના મનુષ્યનાં સામાન્ય લક્ષણો બની ગયાં છે. સાચું સુખ, શાંતિ, સ્વસ્થતા અને આનંદમય જીવન તો દૂરનું બની ગયું છે. ભારે તનાવ અને ભટકતી ચિત્તવૃત્તિને લઈને આત્મહત્યાનું પ્રમાણ પણ ઉત્તરોત્તર વધી રહ્યું છે. આ સ્થિતિમાંથી ઉપર ઊઠવા માટે, પ્રાર્થનાની જરૂર છે. માનસિક તાણની વચ્ચે પણ જો વ્યક્તિ પાંચ મિનિટ - બધું બાજુએ મૂકીને, મનને ચૂપ કરીને, પ્રાર્થના કરે તો એનું તત્કાળ પરિણામ એ આવે છે કે તેને અદ્‌ભૂત શાંતિનો અનુભવ થાય છે અને પછી એ શાંતિમાં જ બધી સમસ્યાઓનું નિરાકરણ મળી આવે છે.

સ્ટીફન કોવી પોતાના પુસ્તક ‘ધ સેવન હેબીટ્સ ઑફ હાઈલી ઈફેકટીવ પીપલ’માં લાકડાં કાપી રહેલાં કઠિયારાંનું એક દૃષ્ટાંત આપી સમજાવે છે કે એક કઠિયારાંને ઘણાં બધાં લાકડાં કાપવાનાં હતાં. લાકડા કાપતાં કાપતાં તે ખૂબ થાકી ગયો. તેની કુહાડીની ધાર પણ બુઠ્ઠી થઈ ગઈ, તો ય તે લાકડાં કાપ્યે જતો હતો. કોઈએ તેને કહ્યું, ‘‘તું ખૂબ થાકી ગયો છે, થોડો આરામ કરી લે અને કુહાડીની ધાર કાઢી લે, તો પછી ખૂબ ઝડપથી લાકડાં કાપી શકીશ.’’ તેણે કહ્યું કે ‘‘આટલો મોટો લાકડાનો ઢગલો છે, આરામ કરું તો પછી લાકડાં ક્યારે કાપી લઉં?’’ આમ કહી બુઠ્ઠી કુહાડીથી પરસેવે રેબઝેબ થતો, લાકડાં કાપતો રહ્યો. પણ તેને કુહાડીની ધાર કાઢવાનો સમય ન હતો. મોટાં ભાગનાં મનુષ્યોનું પણ એવું જ છે. સતત

પ્રવૃત્તિ અને દોડધામમાં, કામના ભારે બોજા હેઠળ મનની કુહાડી એવી તો બુઠ્ઠી થઈ ગઈ હોય છે, કે પછી તે કંઈ જ કાપી શકતી નથી ! તનાવ, ચિંતા, બ્લડપ્રેસર, સ્ટ્રોક, નર્વસ બ્રેકડાઉનની સ્થિતિ આવી પડે છે અને પછી બાજી હાથમાંથી સરી પડે છે. આવી સ્થિતિ આવે તે પહેલાં જ મનની ધાર સતેજ કરી લેવી જોઈએ અને તે માટે પ્રાર્થના જેવું અસરકારક સાધન બીજું એકે ય નથી. મનમાં તાણ જેવું જણાય કે તુરત જ બધું જ બાજુએ મૂકીને ફક્ત દશ મિનિટ જ્યાં હોય ત્યાં, પોતાની જાતને પરિસ્થિતિથી અલિપ્ત કરીને અખૂટ શક્તિના સ્રોત સમા પરમાત્માને પ્રાર્થના કરવી જોઈએ. એકાગ્રતાપૂર્વક કરેલી પ્રાર્થનાથી મનની બેટરી ડાઉન થઈ ગઈ હોય એ તત્કાળ રીચાર્જ થઈ જાય છે. અને મન પ્રફુલ્લિત થઈ જાય છે. બધાં કાર્યો ઝડપથી અને સારી રીતે થવા માંડે છે.

મહાત્મા ગાંધીજી પ્રાર્થનાને મનનો ખોરાક કહે છે. શરીરને આપણે બે વખત ભોજન અને બે વખત નાસ્તો અને વચ્ચે વચ્ચે ચા પાણી શરબત એવું આપીએ છીએ. આથી શરીર સશક્ત રહે છે. પણ મનના ખોરાકનું શું ? મનને પણ ખોરાકની જરૂર છે. મનનો ખોરાક છે, પ્રાર્થના, ભક્તિ, સત્સંગ, ધ્યાન, સ્વાધ્યાય વગેરે. આ બધાંમાંથી મન પુષ્ટ અને બળવાન બને છે, પણ દુર્ભાગ્યે મનનાં આહારનું ધ્યાન રાખવામાં આવતું નથી. પરિણામે મન દુર્બળ બની જાય છે. તેની શક્તિઓ કુંઠિત થઈ જાય છે. આવું માંદુ અને શક્તિહીન મન જરા સરખી મુશ્કેલી કે વિટંબણા આવે તો ભાંગી પડે છે. નિરાશ - હતાશ થઈને આત્મહત્યાના માર્ગે દોરી જાય છે. આથી મનને ખાસ પોષણ આપવાની જરૂર છે અને મનને પોષણ આપનાર સુપાચ્ય સુસ્વાદ્ય અને સુગ્રાહ્ય જો કોઈ આહાર હોય તો તે છે પ્રાર્થના. આથી મનને ક્ષીણ થતું અટકાવવા માટે પ્રાર્થના દ્વારા તેને સતત પોષણ આપવાનું ચાલું કરી દેવું જોઈએ. જ્યારે મનમાં અશાંતિ જણાય, ઉદ્વેગ આવે, કંઈ જ ન ગમે એવું થવાંમાંડે ત્યારે તત્ક્ષણ મનને પ્રાર્થનામાં લગાડી દેતાં આ પરિસ્થિત દૂર થઈ જાય છે, અને પછી તો મન પ્રાર્થના દ્વારા એવું સશક્ત બની જાય છે કે ગમે તેવી મુશ્કેલી આવે તો પણ તે ખળભળતું નથી.

બાહ્ય મુશ્કેલીઓ તો કોઈની સહાયથી દૂર કરી શકાય છે. પણ ઘણી વખત આંતરિક મુશ્કેલીઓ એવી પ્રબળ હોય છે કે ગમે તેવો સમર્થ મનુષ્ય પણ તેને દૂર કરી શકતો નથી. દા.ત. ક્રોધી સ્વભાવ, વિષયો પ્રત્યે પ્રબળ આકર્ષણ, બીજાનું સારું જોઈને હ્રદયમાં ભભૂકતી ઈર્ષા - આ બધી સ્વભાવની નબળાઈઓ દૃઢસંકલ્પવાળો મનુષ્ય પણ સહેલાઈથી દૂર કરી શકતો નથી. શાસ્ત્રમાં જે ષડ્‌રિપુઓ કહ્યા છે, તે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને ઈર્ષા - આ શત્રુઓ સામે લડવું અને વિજયી બનવું એ સામાન્ય મનુષ્ય માટે અશક્ય છે. પણ સાવ સામાન્ય મનુષ્ય પણ જો સાચા દિલથી ભગવાનને પોતાની પ્રકૃતિગત મર્યાદામાંથી મુક્ત કરવાં પ્રાર્થના કરે, તો ધીમે ધીમે તેની આંતરચેતનામાં પરિવર્તન આવવા લાગે છે, અને ચેતનામાં ઊંચે ઊઠતાં આ બધી મર્યાદાઓમાંથી તે છૂટી જાય છે. કેમકે પ્રબળ પ્રાર્થના દ્વારા પરમાત્માની સહાયથી તેની ચેતનાનું સ્તર જ બદલાઈ જતાં નિમ્નચેતનાની મર્યાદાઓ હવે તેને અસર કરી શકતી નથી. આમ સ્વભાવગત ખામીઓને દૂર કરવાં માટે પણ પ્રાર્થનાની આવશ્યકતા છે. હવે તો વૈજ્ઞાનિકોએ એ પણ સ્વીકાર્યું છે કે શરીરનાં હઠીલા રોગો પણ પ્રાર્થનાથી દૂર થઈ શકે છે. અમેરિકામાં ૫૦ થી વધારે મેડિકલ કોલેજોના અભ્યાસક્રમમાં પ્રાર્થનાને સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાર્થનાની દરદી ઉપર કેવી અસર થાય છે, તેનો એક કિસ્સો અમેરિકાની જ્યોર્જ ટાઉન યુનિવર્સિટીની એક હોસ્પિટલમાં નોંધાયેલો હતો. ટોમ લેંગ નામના એક યુવાનને કોઈ ગુંડાએ, તેનો દુશ્મન સમજીને, બીજી જ વ્યક્તિ માનીને છરીથી પેટ અને બરોળમાં ઊંડા ઘા કર્યા. આ ઘા જીવલેણ હતા એટલે બચવાની આશા નહિવત્ હતી. પણ તે બચી ગયો ! આ વિષે ટોમે પોતે જ જણાવ્યું હતું કે ''ડોકટરો માત્ર સારી સારવાર નહોતા કરતાં, પણ હોસ્પિટલના ડોકટરો રોજ સવાર સાંજ મારા પલંગની ફરતાં ઊભા રહીને પ્રાર્થના કરતા કે ''હે ભગવાન, આ બિચારો નિર્દોષ છે. એના પરિવારમાં આ એક જ કમાનાર વ્યક્તિ છે. એને બચાવી લો.'' ડોકટરોની સવાર સાંજની આ સામૂહિક પ્રાર્થનાનું ચમત્કારિક પરિણામ આવ્યું. ટોમના ઘા રુઝાવા લાગ્યા. ડોકટરોને પણ આશ્ચર્ય થયું કે આ ટોમ કેવી રીતે બચી ગયો. પરંતુ ટોમે કહ્યું કે ''ડોકટરોની સર્વોત્તમ

સારવાર ઉપરાંત બીજી કોઈ એવી અગોચર શક્તિ હતી કે જેણે મને બચાવી લીધો !'' એ શક્તિ એ પ્રાર્થનાને પરિણામે ઊતરી આવેલી ભગવાનની કૃપા હતી ! કોલંબિયા યુનિવર્સિટીના પીઢ સર્જન ડોકટર મેથ્યુસે પ્રાર્થનાની શક્તિ વિષે એક પુસ્તક લખ્યું છે. તેમાં તેમણે પ્રાર્થનાથી દરદીઓ ઉપર કેવી અસર થાય છે, તેનાં પોતે કરેલાં પ્રયોગો વિષે જણાવ્યું છે કે થોડાક દરદીઓના પલંગ પાસે દરરોજ પ્રાર્થના કરવામાં આવતી હતી, અને બીજા વોર્ડમાં પ્રાર્થના કરવામાં નહોતી આવતી. તો જે દરદીઓ પાસે પ્રાર્થના થતી હતી તેઓ ખૂબ ઝડપથી સાજા થઈ ગયા. જ્યારે બીજા દરદીઓને લાંબો સમય લાગ્યો, પ્રાર્થનાની શક્તિ વિષે ડો.સીમેન્સનો પોતાનો અનુભવ પણ ટાંકેલો છે. આ ડોકટર પોતે નાસ્તિક હતા. ભગવાનમાં કે પ્રાર્થનામાં એમને બિલકુલ શ્રદ્ધા નહોતી. તેમને ૧૯૯૬માં પેનક્રિયાસનું કેન્સર થયું. પોતે ડોકટર હોવાથી રોગની ગંભીરતા પૂરેપૂરી જાણતા હતા. હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ થયાં. તેનાં પત્નીએ તેને કહ્યું, હું ને મારા મિત્રો તારા પલંગ પાસે ઊભા રહીને પ્રાર્થના કરીએ તો તને વાંધો છે ?'' ''જો કોઈ પણ બહાને મને હસવા મળતું હોય તો મને શું વાંધો હોઈ શકે ?'' તેણે રમૂજ કરી. ''હું તારું આ નાટક માણીશ. મને એ જોવાની મજા આવશે.'' આમ એણે પત્નીની પ્રાર્થનાને એક ફારસ જ ગણી. પણ પ્રાર્થના શરૂ થઈ. ચાર પાંચ દિવસ વિત્યા પછી તો જાણે અજાણે એ પણ પ્રાર્થનામાં જોડાઈ ગયો. ધીમે ધીમે પ્રાર્થનામાં એકાકાર થઈ ગયો. ૫૩ વર્ષનો એ ડોકટર આજે કહે છે, ''આ મારો જાત અનુભવ છે, પ્રાર્થનાએ સારવારના પૂરક તરીકે કાર્ય કર્યું. તબીબી ભાષામાં અત્યંત ગંભીર કહેવાય એવી સર્જરી મારાં પર થઈ હોવાં છતાં હું મોજથી જીવી રહ્યો છું.'' આપણે ત્યાં તો પ્રાર્થનાને પરિણામે કેટલાંય દરદીઓ અસાધ્ય રોગમાંથી મુક્ત થયાના દૃષ્ટાંતો જોવા મળે, એ સ્વાભાવિક છે, કેમકે આપણાં લોકોને ભગવાનની શક્તિમાં અતૂટ શ્રદ્ધા છે. પણ પશ્ચિમના વૈજ્ઞાનિકો પણ હવે પ્રાર્થનાની ચમત્કારિક શક્તિમાં શ્રદ્ધા ધરાવવા લાગ્યા છે. એ આ બધાં ઉદાહરણોદ્વારા સ્પષ્ટ થાય છે.

# દિવ્ય-જીવન

- શ્રી અરવિન્દ

# વિશ્વસર્જનનો હેતુ

પ્રકરણ - ૧૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આ પરમ સર્વવ્યાપી નિરાકાર ચેતના જ બ્રહ્મતત્ત્વ, સત્ તત્ત્વ છે. તે જ 'અસ્તિત્વ' સ્વરૂપ છે એ આપણે માન્યું છે આગળ જઈને આ પરમ-ચેતનામાં જીવનનો આવિર્ભાવ કરવાની ક્ષમતા પણ છે. તે વિવિધ રૂપો નિર્માણ કરી શકે છે અને તે રૂપો દ્વારા જીવનને ભૌતિક સ્તરે પણ વાસ્તવિક કરી શકે છે એ પણ આપણે સ્વીકાર્યું છે. છતાં હજી એક મૂળભૂત પ્રશ્ન તો નિરાકરણ વગરનો જ રહે છે. આ પરમ-ચેતના આ જગત નિર્માણ કરવાની પ્રક્રિયા શા માટે આરંભે છે એનો હેતુ શું છે ? આ પ્રશ્ન હજી આપણી સામે બાકી જ છે.

પરમ ચેતનાનો આ સ્વભાવ જ છે. તેને માટે આ પ્રકારનું સર્જન કરવું એ તેની જાણે ટેવ છે એવું સ્વભાવવાદિઓ જણાવે છે. જેમ બીમાં ઊગાવો સહજ છે. રોજ સૂર્ય ઊગવો એ સહજ છે, તેમ પરમ-ચેતનાના બંધારણમાં જ એવું કાંઈક છે, જે તેને જગત નિર્માણ કરવાની પ્રેરણા આપે છે અને તેથી આ જગત નિર્મિતિનો એવો બીજો કોઈ હેતુ હોઈ શકતો નથી. આપણે જોયું છે કે સ્વભાવવાદિઓનું આ મંતવ્ય આપણે સ્વીકારી શકતાં નથી. આપણે જોયું છે કે પોતાના જ એક ગુણ અને સ્વભાવને વશમાં રાખી શકતું ન હોય અને તે સ્વભાવનું ગુલામ હોય, તેની સ્વતંત્રતા આ ગુણને કારણે મર્યાદિત હોય તો પછી તે પરમ-તત્ત્વ કેવી રીતે બની શકે ? બ્રહ્મતત્ત્વ પૂરેપૂરું સ્વતંત્ર છે. તેને વિવશ કરનારું કોઈ તત્ત્વ હોઈ જ શકે નહિ. તે મુક્ત છે. તે નિબંધ છે. કારણ તે આદિ તત્ત્વ છે. મૂળભૂત તત્ત્વ છે.

તો પછી આ જગત શા માટે નિર્માણ તે કરે છે ? એનો જવાબ ઉપનિષદો એવો આપે છે કે -

આનંદાત્ એવ ભૂતાનિ ખલુ ઈમાનિ ભૂતાનિ જાયંતે । આનંદાત્ જાતાનિ જીવન્તિ । આનંદાત્ પ્રયત્ન અભિસંવિશંતિ । - તૈતરીય ઉપનિષદ - ૨૭ - ૩ - ૬.

આ સર્વ પ્રાણીઓ સાચે જ આનંદમાંથી જન્મે છે. આનંદ વડે જ જીવે છે અને વૃદ્ધિ પામે છે અને આનંદમાં જ પાછાં જઈ મળે છે.

પરમ ચેતનામાં મૂળભૂત સત્‌માં કશાનો પણ અભાવ હોઈ શકે નહિં. તેથી ત્યાં આનંદ તત્ત્વ પણ હોવું જ જોઈએ અસીમતા જ આનંદ હોય છે. ''ભૂમા વૈ સુખમ્'' આપણે પણ અનુભવીએ છીએ કે જ્યારે આપણા ઉપર, આપણી અપેક્ષાઓ ઉપર કોઈ મર્યાદાઓ પડે છે, તેમને વાસ્તવિક કરવામાં કોઈ વિઘ્ન આવે છે ત્યારે જ આપણને દુઃખ થાય છે. આપણને વેદના થાય છે. આનો અર્થ એ કે મર્યાદા એ આપણો સ્વભાવ નથી. અમર્યાદ - અસીમ બની રહેવું એમાં જ આનંદ રહેલ છે. ''ભૂમા'' એટલે સર્વવ્યાપકતા - અસીમતા, તેમાં જ આનંદ પ્રકટ થાય છે. આ બ્રહ્માનંદ હોય છે.

આનંદના બે પ્રકાર છે. એક આનંદ પોતે જ પોતાનો ભોગવાય છે આને નિજાનંદ, આત્માનંદ કહેવામાં આવે છે. નિરાંતે બેઠાં હોઈએ અને અંદરથી જે આંતિરક આનંદ પ્રકટે છે તે નિજાનંદ છે. તે નિજનો અર્થાત્ પોતાના આત્માનો આનંદ છે. તેથી આને નિજાનંદ અથવા આત્માનંદ, બ્રહ્માનંદ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં દાખલો આપવામાં આવે છે કે જેમ ગાય પોતાના આંચળમાંથી પોતે જ દૂધ પીવાનો આનંદ માણે એવી આ સ્થિતિ હોય છે. આ પોતાની જ મસ્તિ હોય છે. આવી અવસ્થા મસ્તકલંદરની હોય છે. આ આપણું શરીર એ બ્રહ્માનંદરૂપી હરિરસનો પ્યાલો છે. વેદો તેને 'રસો વૈ સઃ'' એમ વર્ણવે છે બ્રહ્મ ચેતના રસ અર્થાત્ આનંદથી ઓતપ્રોત છે આ રસને કારણે જ બ્રહ્મતત્ત્વમાં સૌંદર્ય પ્રગટે છે, જે આનંદમય હોય છે. તે જ રસમય હોય છે. જે રસમય હોય છે તે સુંદર હોય છે.

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૩

(માતૃવાણી - ૨, પૃ.૩૨૩-૩૪૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૬૩ **પ્રયોજન :** ઉત્ક્રાંતિના હાલના તબક્કે અતિમનસ-સત્ય અને પ્રકાશની સેવા કરવા અને તેને આપણી અંદર આવિર્ભાવ કરવા જ આપણે પૃથ્વી ઉપર છીએ. અતિમનસ-શક્તિ તરીકે પ્રભુ જ આવિર્ભાવ પામવાના છે. જીવનનું પ્રયોજન છે પ્રભુને પ્રગટ કરવા. એ એકમાત્ર પ્રયોજન જીવનનું છે. પૃ.૩૨૯

૬૪ **પ્રતિભાવો :** જીવનમાં આપણા સંજોગો અને પ્રવૃત્તિઓનું મહત્ત્વ નથી, કારણ એક જ સંજોગ અને એક જ પ્રવૃત્તિ દરેકને જુદી જુદી રીતે ઘડે છે. આ તબક્કાનું કારણ તમે તે સંજોગો અને પ્રવૃત્તિઓને આપેલા પ્રતિભાવો છે. હાલના જીવનમાંના તે જ સંજોગો અને તે જ પ્રવૃત્તિઓને તમે પ્રભુનો આવિર્ભાવ કરવાની તક તરીકે પ્રતિભાવ આપશો તો તે તમારું દિવ્ય-જીવન ઘડવાની શરૂઆત કરી દેશે.

માનવમાત્રનું પ્રાણતત્ત્વ અશુદ્ધિથી ભરેલું છે અને તેનું શારીરિક તત્ત્વ અચેતનતાથી ભરેલું છે. તેથી લોકોના પ્રતિભાવો તે અનુસાર મલિન અને ઉગ્ર હશે. તમે તેની તરફ ઉદાસીન રહીને જ પ્રભુનું કાર્ય કરી શકશો. ઉદાસીનતા એ તમારો સંરક્ષક-પ્રતિભાવ બની જશે. પૃ.૩૩૦

૬૫ **આધાર :** તમારા જીવનમાં જે બને છે તેનો આધાર તમે જે ચેતનામાં રહો છો તે છે. સદા ચેતનાની અંતિમ ઊર્ધ્વ ટોચ ઉપર રહો અને જે ઉત્તમોત્તમ

હશે તે જ તમારા જીવનમાં થશે. પૂર્ણ-સાક્ષાત્કાર માટે સ્થિર, શાંત, એકાગ્ર, અક્ષુબ્ધ ચેતના જ અનિવાર્ય આધાર છે. તમે તેજોમય સ્થિર-ચેતનામાં રહેશો તો ત્યાં અહંકાર વિલીન થયેલો હોય છે, તેથી બધી વિસંવાદિતાઓ નષ્ટ થઈને સંવાદિતા સ્થપાય છે. સંવાદિતાનો આધાર જ આ તેજોમય ચેતના છે.

કામમાં રસ નિર્માણ કરવો હોય તો તમારા હૃદયને શાંત અને પ્રસન્ન રાખો. શાંત, પ્રસન્ન હૃદય જ રસનો આધાર છે.

આપણે જે કાંઈ કરીએ છીએ તેનો આધાર જે કાંઈ છે તે જ છે.

તમે તે સર્વરૂપે બની રહેશો તો તમે તેને જાણશો, તે મુજબ કરશો અને અભિવ્યક્ત પણ કરશો. બધાનો આધાર તદ્રુપ બની રહેવું એ જ છે.

આપણે નાના કે મોટા બનવાનો પ્રયત્ન ન કરીએ. પ્રભુના સંકલ્પ-અનુસાર જ બનશું. પ્રભુનો સંકલ્પ જ આપણો ઘાટ, પ્રવૃત્તિ અને જીવનશૈલીનો આધાર છે. પૃ.૩૩૦

૬૭ **જન્મદિન :** જન્મસમયનાં વૈશ્વિક-પરિબળો જીવનમાં વારંવાર સમાન સંજોગો રચે છે. જીવનમાં એક નિશ્ચિત લય હોય છે. તે જ જન્મદિવસનું મહત્ત્વ છે. તે લયનો ઉપયોગ પ્રભુના આવિર્ભાવ માટે કેમ કરવો એ જન્મદિને ખાસ વિચારજો. તમારી ચેતનાને વિકૃત્ત કરનાર, નીચે પાડનાર, ગૂંચવી દેનાર, પ્રગતિને કુંઠિત કરનાર, સ્વાસ્થ્યને હાનિ પહોંચાડનાર પરિબળોને તમારી ચેતનામાંથી દૂર કરવાના સંકલ્પ સાથે જન્મદિન ઊજવો. પૃ.૩૩૧

૬૮ **ભાગ્યશાળી દિવસ :** એ દિવસ ભાગ્યશાળી હશે જ્યારે સમગ્ર સૃષ્ટિ સત્ય પ્રત્યે જાગૃત થશે અને કેવળ ભગવાનમાં જ અને ભગવાન માટે જ જીવન ધારણ કરશે. પૃ.૩૩૨

૬૯ **શરીર :** શરીર અદ્‌ભુત સાધન છે પણ તેની અદ્‌ભૂતતા મન તેને કઈ રીતે વાપરે છે તેની ઉપર આધાર રાખે છે. શરીર તો તમારું આશ્રયસ્થાન છે,

બંધન નથી. તે વિશ્વશક્તિઓના દબાણથી તમને મુક્ત રાખનાર ગઢ છે. શરીરની સહન કરવાની શક્તિ અમર્યાદિત છે પણ તે સંજોગોમાં આપણાં મને ભય અને ચિંતાનાં મોજાંને બદલે નિર્ભયતા અને આત્મવિશ્વાસનાં મોજાં ફેલાવવાં જરૂરી છે. શરીર માટે જાણવું એટલે કરવું. તે કરવાથી જ વસ્તુને જાણી શકે છે. રૂપાંતર માટેની અભિપ્સા ફક્ત મન કે પ્રાણની હોય તો તે અધૂરી છે. શરીરના કોષેકોષ પણ રૂપાંતરની અભિપ્સા સેવતા થવા જોઈએ. આપણને શરીર ત્યાગવામાં રસ નથી, તેનાં રૂપાંતર કરવામાં રસ છે. પૃ.૩૩૨

૭૦ **પુકાર :** આધ્યાત્મિક-પુકાર વ્યક્તિને તેનાં યોગ્ય વખતે જ સંભળાય છે, પણ પ્રભુનો પુકાર તો અખંડ ચાલુ જ છે અને કોઈને કોઈ સાંભળે પણ છે જ. ભગવાન આત્મામાં જે દિવ્ય-પ્રકાશ ઉદય પામી આનંદને પ્રગટાવી રહ્યો છે, તેમાં સહભાગી થવા સતત બધાંને બોલાવી રહ્યાં છે. પૃ.૩૩૩

૭૧ **પરિવર્તન :** પ્રકૃતિમાં યોગ દ્વારા જ પરિવર્તન લાવી શકાય છે. તમારામાંનું પરિવર્તન આસપાસનાં બધાંમાં પણ પરિવર્તન લાવે છે. ચેતનાનું સાચું પરિવર્તન એટલે જે પાર્થિવ-ચેતનામાં પરિવર્તન લાવી નવી યોનિ પ્રગટ કરવાની ક્ષમતા પૃથ્વી ઉપર રચે તેવી ચેતના. તે નવી સૃષ્ટિ રચશે. ચેતનાનાં પરિવર્તનથી જ નવી સૃષ્ટિ રચાય છે. ચેતનાનું પરિવર્તન જ વ્યક્તિ અને જગતને હાલની સ્થિતિમાંથી મુક્તિ અપાવશે. જો તમારામાં પરિવર્તનની ક્ષમતા નહિ હોય તો તમારું ભાગ્ય તમને દોરશે. પછી જીવન બાબત ફરિયાદ ન કરતા. પોતાની જાતમાં પરિવર્તન લાવીને જ તમે જગતને બદલી શકો છો. જગતમાંથી નાસી છૂટવાથી જગત નહિ બદલાય. તમારામાંનો સમર્પણનો અગ્નિ જ તમારાં પરિવર્તન દ્વારા જગતનું પરિવર્તન કરશે. અસત્ય ઉપરનો વિજય પણ ચેતનાના પરિવર્તન દ્વારા જ પ્રાપ્ત થાય છે. તે જ જગત-પરિવર્તનનો સાચો ઉપાય અને માર્ગ છે. તમારામાં શાંત, આમૂલ પરિવર્તન થવા દો અને તેના આધારે જ સત્ય ભૌતિક-સૃષ્ટિને ધીમે ધીમે પોતાના તાબામાં લેશે અને જગત દ્વારા પ્રભુને

પ્રગટ કરશે. લોકો ઘાંઘલિયા અને અવિવેકી છે, કારણ તેમણે હજી પરિવર્તનની શરૂઆત કરી નથી. તેમની પાસેથી ઘાંઘલ અને અવિવેકની જ અપેક્ષા રખાય. દિવ્ય-ચેતનાનું એક બિંદુ જો તમારી મારફત આ પાર્થિવ- જગતમાં ઊતરે તો પણ તેમાં કાલાંતરે બધું જ બદલવાની ક્ષમતા છે. વધુ બિન્દુ ઉતરે તો તરત ફળ મળશે. પોતાનો સ્વભાવ અપરિવર્તનીય છે આવી ખોટી માન્યતામાં સમય બગાડો નહિ. પરિવર્તન થાય જ છે. દરેક જન્મે થાય છે, તો હમણાં કેમ નહિ?

ચેતનાનાં પરિવર્તનથી ચેતનાનું પરિમાણ બદલાય છે. તે તમારી દૃષ્ટિ બદલે છે. તમને વધારે ગહન વસ્તુઓની જાણકારી મળે છે. ચેતનાના પરિવર્તન સિવાયનાં પરિવર્તનો, ક્રાંતિઓ, નકામી પૂરવાર થશે. જગતને બદલવા પોતાની ચેતનાને બદલો. પૃ.૩૩૫

(પૃ.૩૮ ઉપરથી)

## વેદવિજ્ઞાન

એવી પ્રાર્થનાઓ જોવા મળે છે. નિરુકતકાર યાસ્ક જરિમાનો અર્થ જેની સ્તુતિ કરવામાં આવી છે તેવા, એવો અર્થ લે છે. જરા સ્તુતિર્જરતે સ્તુતિ કર્મણઃ (નિ. ૧૦૮) સાયણે તેવો જ અર્થ લીધો છે. જરિમન્ જતિરતઃ સ્તુતિ કર્મા (અથર્વ સા.ભ.૨-૨૮-૧) અગ્નિ સ્તુતિ કરવા યોગ્ય છે તેથી અગ્નિ જ જરિમા છે એમ યાસ્ક જણાવે છે.

૨૦ ત્વિષી:

ત્વિષીનો અર્થ તેજોમય છે. અથર્વવેદમાં ભૂમિ રાષ્ટ્રને બળ અને તેજસ્વિતા આપે એવી પ્રાર્થના છે સાનો ભૂમિત્વિષિં બલં રાષ્ટ્રે દધાતૂત્તમે (અથર્વ ૬-૨૦-૨)

મેઘા અને ત્વિષિના કાર્યમાં તફાવત છે મેઘા આંતરિક તેજોમયતા આપે છે. ત્વિષિ બાહ્ય કર્મોમાં તેજોમયતા આપે છે. ત્વિષિમાંથી ઈન્દ્રનો પ્રકાશમય મનનો આવિર્ભાવ થયો. તેથી જ ત્વિષિને ‘સુભગા’ કહે છે. ત્વિષિનો મિત્ર વર્ચસ્ છે વર્ચસ્ એટલે પ્રભાવ, અધિકાર અર્થાત્ ઈન્દ્ર. યા દેવી સુભગા જનાન સાન એતુ વર્ચસા સંવિદાના (અર્થવ ૬-૩૮-૧)

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# સાધકની અંધ-શોધ

પ્રકરણ-૧૪૭

(Savitri B-1, C-4, P- 70-71)

His prow pushes towards undiscovered shores.
He chances on unimagined continents:
A seeker of the islands of the Blest,
He leaves the last lands, crosses the ultimate seas.
He turns to eternal things his symbol quest:
Life changes for him its time-constructed scenes,
Its images veiling infinity.

તેના ધ્યેયરૂપી સુકાન (prow) તેની જીવન નૌકાને અજાણ્યા કિનારા તરફ ધકેલી રહ્યા છે એમ તેને લાગે છે. સાધનામાં અગ્રેસર થતા તે અચાનક એવી અદ્‌ભૂત અનુભૂતિનાં અને ચેતનાના પ્રદેશમાં આવી જાય છે કે જેની તે કલ્પના પણ કરી શકતો નથી (unimagined) તે પોતે તો એવી ચેતનાના ટાપુની (islands) શોધમાં હોય છે જે દિવ્યહોય, પવિત્રતમ હોય, જ્ઞાનમય હોય શક્તિસભર હોય અને કોઈ સીમાથી બદ્ધ ન હોય. ત્યાં દિવ્ય આનંદનું જ અખંડ સામ્રાજ્ય કાયમી સ્વરૂપે સ્થાપિત હોય, જેની ઉપર પ્રભુની પરમ-કૃપા ક્ષણે ક્ષણે વરસતી હોય (Blest) તે ચેતનાની એક એક ભૂમિકા વટાવતો વટાવતો અંતિમ

ભૂમિકા પણ (last lands) વટાવે છે અને તે ભૂમિકાઓ વચ્ચેનાં અચિત્‌ના મહાસાગરો પણ વટાવીને આગળ ચાલ્યો જાય છે. (ultimate seas) તેનું હૃદય જેને સનાતન વસ્તુ ગણે છે (symbol quest) તેને ઝંખતો તે આગળને આગળ જતો હોય છે.

આ ચેતનાની આંતરિક ઉત્ક્રાંતિ અને રૂપાંતરના કારણે તેણે ભૌતિક અનુભવના આધારે આદર્શ જીવનની જે કલ્પના કરેલી હોય છે (time-constructed scenes) તે બદલાવા માંડે છે. વ્યર્થ લાગવા માંડે છે. એને એમ લાગે છે કે આ ખોટી કલ્પના અને વિચારો તેણે જે અસીમ-ચેતનાનો સાક્ષાત્કાર કર્યો છે તેને જાણે ઢાંકી રાખવાનો પ્રયત્ન કરતા લાગે છે (veiling)

Earth's borders recede and the terrestrial air
Hangs round him no longer its translucent veil.
He has crossed the limit of mortal thought and hope.
He has reached the world's end and stares beyond;
The eyes of mortal body plunge their gaze
Into Eyes that look upon eternity.

તેને ભૌતિક શરીરમાં બંધાયેલો છે એ દેહભાવ અથવા દેહાધ્યાસ (હું દેહ છું એવો ભ્રમ) હવે નબળો પડતો જાય છે. તેનું પ્રભાવલયં (terrestrial air) હવે તેને વિશ્વ-ચેતનાથી જુદા પાડવાની તાકાત ગુમાવી બેઠું છે તેમાંથી જે આછો પ્રકાશ અને નબળી થઈ ગયેલી દિવ્યવિશ્વ શક્તિઓ માંડ માંડ અંદર તેની પાસે આવતી તે તેની અવરોધવાની ક્ષમતા (translucent veil) નષ્ટ થઈ ગઈ છે હવે તો ચેતનાનો પૂર્ણ પ્રકાશ અને ક્ષમતા બેરોકટોક તે પ્રભામંડળમાંથી પ્રવેશી તેની ચેતનામાં પ્રવેશી જતા હતા. તેથી તેમનો પોતે મરણશીલ પ્રાણી છે એ ભાવ હવે નષ્ટ થઈ ગયો છે. સાંસારિક જગતની બધી તૃષ્ણાઓ તેની ખરી પડી છે તેને જાણે પોતે સંસારના બંધનોમાંથી મુકત થઈ ગયો છે એવી લાગણી થઈ છે. તે સંસાર સાગર તરી ગયો છે. અને તેને પારની વાસ્તવિકતાઓ તેની નજરે પડવા લાગી છે.

ભૌતિક આંખે દેખાતો સંસાર અલોપ થઈ ગયો છે અને આંતરિક દૃષ્ટિ ખીલી ઊઠી છે તે આંતરિક દૃષ્ટિએ પોતાની નજર સનાતન તત્ત્વ ઉપર ખોડી દીધી છે.

A greater world Time's traveller must explore.
At last he hears a chanting on the heights
And the far speaks and the unknown grows near:
He crosses the boundaries of the unseen
And passes over the edge of mortal sight
To a new vision of himself and things.

હવે તે સનાતન સૃષ્ટિના સનાતન કાળમાંનો પ્રવાસી બની ગયો છે તે દિવ્ય સૃષ્ટિઓ બાબત પણ જાણી લેવું જરૂરી છે એમ તેને લાગે છે (explore) અંતે તેને અનાહત ધ્વની (great chanting) તે ઊર્ધ્વ-ચેતનામાંથી (heights) આવતો અનુભવાય છે અને તેમાંથી મળતી પ્રેરણાઓ (far speaks) અને સૂક્ષ્મજગતનો અજાણ્યો પ્રદેશ તેને વધુ ને વધુ અનુભવાવા લાગે છે. તે અજાણ્યા પ્રદેશને તે વટાવી જાય છે. હવે તેને સાકાર સૃષ્ટિ પાછળ રહી જતી લાગે છે. તેની ભૌતિક દૃષ્ટિએ તો તદ્દન નિષ્ક્રિય થઈ ગયેલી હોય છે (mortal sight) તેને પોતાની તરફ અને ત્યાંની વાસ્તવિકતા તરફ જોવાની નવી દૃષ્ટિ (new vision) ખીલતી લાગે છે.

He is a spirit in an unfinished world
I h.it knows him not and cannot know itself:
The surface symbol of his goalless quest
Takes deeper meanings to his inner view;
His is a search of darkness for the light.
Of mortal life for immortality.

ભૌતિક જગત અને તે જેને સાકાર કરવા મથે છે તે આ સનાતન સૃષ્ટિઓ જોતાં ભૌતિક જગત તો હજી અપૂર્ણ અને અવિકસિત જગત છે અને તેણે ઘણું વિકસવું

બાકી છે તેની તેને ખાતરી થાય છે. પોતે હાલમાં આવા વિકસનશીલ જગતમાં (unfinished world) કાર્ય કરતો આત્મા છે એ તેના હવે ધ્યાનમાં આવે છે. તે જગત અશ્વપતિની ચેતનાને ઓળખી શકવાનું નથી અને પોતાની અંતિમ નિયતિ શું છે તે પણ જાણતું નથી એ વાસ્તવિકતાનું હવે તેને આશ્ચર્ય થતું નથી, પણ તે સ્વાભાવિક વસ્તુ લાગે છે. અશ્વપતિને બાહ્ય જીવનમાં જે સતત અસંતોષ જણાતો હતો તે બાહ્ય ચિહન (surface symbol) અને તેને કારણે તે કાંઈક શોધવા અમથો ફાંફાં મારતો હતો (goalless quest) તેમાં તેને હવે ગહન અર્થ જણાવા લાગ્યો. તે અસંતોષ અશ્વપતિના મનનો નહોતો પણ તેના આત્માને જે સનાતન જીવનના સાક્ષાત્કારની તૃષ્ણા જાગી હતી. તેનો એ અસંતોષ હતો તેમ તેને લાગવા લાગ્યું. આ આંતરિક દર્શન જ (inner view) સાચું છે તે માટે તે પ્રકાશ ખોળી રહ્યા હતા. અમર આત્માને શોધવા તે મર્ત્ય-જીવનમાં શોધ આદરી રહ્યા હતા.

In the vessel of an earthly embodiment
Over the narrow rails of limiting sense
He looks out on the magic waves of Time
Where mind like a moon illumines the world's dark.

પોતે ધારણ કરેલ ભૌતિક શરીર (earthly embodiment) રૂપી નાનકડાં ઘરમાં (vessel) પોતે રહે છે. તે શરીરની ઈન્દ્રિયોને પોતાની જ મર્યાદાઓ છે. (limiting sense) સિમિત પાટા ઉપર જ દોડીને બાહ્ય જગતનું જ્ઞાન મેળવે છે. (narrow rails) મર્યાદિત દર્શનથી જ તે પસાર થતા સમયની કરામત જીવનમાં જોતો હોય છે (magic waves) અને તે દર્શન રૂપી પ્રકાશ પણ જાણે જગતના અંધકારને વ્યર્થ ઉલેચવા પ્રયત્ન કરતા ચંદ્ર જેવો ક્ષીણ છે.

સારાંશ શરીર અને તેની ઈન્દ્રિયો અને મનની ક્ષમતા એટલી ઓછી છે કે તે આ જગતની પાછળ છૂપાઈ રહેલા સનાતન સત્યને ખોળી કાઢે છે અસંભવ વસ્તુ લાગે છે.

# યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# ઊર્મિમય અને ઊર્ધ્વપ્રાણ

(ભાગ.૧, પૃ.૩૭૮ - ૩૮૫)

પ્રકરણ - ૨૧

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ એ સાચી હકીકત નથી કે દરેક ચૈતસિક - અનુભૂતિ એક શુદ્ધ અને સાચી દિશામાં જતા પ્રાણમય - પ્રવાહનો પોતાની અંદર સમાવેશ કરે છે. પૃ.૩૭૮

૨ મન, પ્રાણ અને શારીરિક - ચેતના તેની છાપને સ્વીકારી શકે છે અને તેનાં પ્રભાવ હેઠળ રૂપાંતર પામી શકે છે. પૃ.૩૭૯

૩ ઊર્મિમય સ્વરૂપ જ સક્રિય રીતે ચૈત્યપુરુષની સૌથી નજીકની વસ્તુ છે. પૃ.૩૭૯

૪ શારીરિક મન..... પોતાની જૂની ગતિઓને યાંત્રિક રીતે વળગી રહેવાની ટેવને લીધે..... અતિમનસના બળનું પ્રસરણ કરવામાં..... મુખ્ય વિઘ્ન...... થાય છે. બીજી બાજુએ તેનાંમાં રૂપાંતર એક વખત થઈ આવે તો અતિમનસ બળની સ્થિરતા માટે કિંમતી સાધન બની શકશે. પૃ.૩૮૦

૫ ઊર્ધ્વપ્રાણનાં ભાગોમાં કયા પ્રતિભાવો આવી શકે..... તે સ્પષ્ટ રીતે કહેવું શક્ય નથી. પૃ.૩૮૦

૬ પ્રકૃત્તિનાં ઊર્ધ્વપ્રાણના ભાગો એટલે હું પ્રાણમય-મન, ઊર્મિમય - પ્રકૃત્તિ (એ) અર્થમાં કહું છું. પૃ.૩૮૦

૭ બધાં વિભાગો સહિત, ઉચ્ચ પ્રાણ છાતીમાં સ્થપાયેલો છે અને હૃદયનું કેન્દ્ર તેનો કિલ્લો છે..... નાભિ સુધીના ભાગો ઉપર તે સામ્રાજ્ય ચલાવે છે. પૃ.૩૮૧

૮ અંતરાત્મા આમાં (ચૈત્યપુરુષ) અને પ્રકૃત્તિ (મન, પ્રાણ, શરીર) વચ્ચે સમાધાન કરાવે છે. પૃ.૩૮૧

૯ ઊર્મિમય સ્વરૂપ પોતે જ પ્રાણનો એક ભાગ છે. પૃ.૩૮૨

૧૦ હૃદયથી ઉપરના ભાગમાં પ્રાણમય મન છે. પૃ.૩૮૨

૧૧ કામનાનું સ્થાન હૃદયથી નીચે..... નાભિસ્થાનમાં, નિમ્નપ્રાણમાં છે. પૃ.૩૮૨

૧૨ સમર્થ પ્રાણ..... જીવનશક્તિથી ભરપૂર હોય છે. પૃ.૩૮૩

૧૩ શારીરિક - પ્રાણ એ ક્ષુદ્ર કામનાઓ..... નું સ્વરૂપ છે. પૃ.૩૮૪

૧૪ નાડીતંત્ર એ પ્રાણનો ભાગ છે. પૃ.૩૮૫

*************

દરેક ચૈતસિક - અનુભૂતિમાં પ્રાણ સહભાગી થાય જ છે એવું નથી. જો ચૈતસિક - અનુભૂતિને બહાર પ્રગટ કરવી હોય, પછી તે વાણીમાં હોય કે વર્તનમાં, ત્યારે પ્રાણની મદદની જરૂર પડે છે અને પ્રાણ તેમાં સહભાગી થાય છે. ચૈત્યપુરુષ અગ્રભાગે આવીને કામ કરતો હોય તો કદાચ તે મન, પ્રાણ, શરીરને વધારે પોતાની અનુભૂતિમાં સહભાગી કરવા માંડે છે. આવી રીતે સહભાગી થવું એ તે તત્ત્વોની રૂપાંતરની પ્રક્રિયાનો ભાગ હોય છે. તે વખતે તે વ્યક્તિ દ્વારા તેનું આત્મતત્ત્વ અભિવ્યક્ત થવાં લાગે છે.

ઊર્મિમય-સ્વરૂપ જ ચૈત્યપુરુષની સહુથી પાસેનું તત્ત્વ છે અને તેથી અન્ય વ્યક્તિ તેના ઊર્મિમય - કેન્દ્ર દ્વારા જ ચૈત્યપુરુષ પાસે સહેલાઈથી પહોંચી શકે છે અને ઊર્મિઓ દ્વારા જ ચૈત્યપુરુષ અભિવ્યક્ત પણ થાય છે. આમ તો ઊર્મિઓ પ્રાણમયતત્ત્વનો ભાગ છે.

આ ચેતનાનાં સ્તરોનું વર્ગીકરણ પ્રત્યક્ષ પોતાના અનુભવો દ્વારા સમજવું જરા અઘરું છે. કારણ આ તત્ત્વો એકબીજામાં ભળીને કાર્ય કરતાં હોય છે, પણ પોતાની પ્રકૃત્તિની ગતિવિધિ અને તેની ખાસિયત સાધનામાં સાધકે સમજી લેવી અનિવાર્ય છે.

જડ તમોગ્રસ્ત ભૌતિક - મન એ પરમાણુમાં પણ હોય છે એવું જર્મન ભૌતિકવાદી હેગેલનું કહેવું છે. દરેક ઇલેકટ્રોન્સનું વર્તન પણ વ્યક્તિગત વિશેષતા દર્શાવે છે એવું આધુનિક અણુવિજ્ઞાન પણ માન્ય રાખે છે.

આવું તમોગ્રસ્ત મન નીચેની લાક્ષણિકતાને કારણે પોતાનું મન તરીકેનું અસ્તિત્ત્વ જણાવી શકતું નથી :

૧ પોતાની ગતિઓને યાંત્રિક - ઘરેડમાં જ ચલાવવાનું વલણ.

૨ વિસ્મૃતિની ટેવ.

૩ નવું ન શીખવાની વૃત્તિ.

આ ત્રણે વસ્તુ જાણે અણુમાં ચેતના જ નથી એવો ભ્રમ પેદા કરે છે. તેથી અણુની કક્ષાએ ચેતના પ્રગટાવવામાં તે વિઘ્નરૂપ લાગે છે. પણ તેને જીતીને સભાન કરવા સિવાય અતિમનસ પ્રકાશને, ચેતનાને અને બળને જડ પ્રકૃત્તિમાં સ્થિર કરવું શક્ય નથી એ પણ એક વાસ્તવિકતા છે.

ઊર્ધ્વપ્રાણના નિશ્ચિત પ્રતિભાવો દર્શાવવા મુશ્કેલ છે કારણ પ્રકૃત્તિનાં દરેક સ્તરે દરેક વ્યક્તિએ નિશ્ચિત ટેવો અને પ્રત્યાઘાતો આપવાનું સ્વરૂપ નક્કી કરેલ હોય છે. તેથી વ્યક્તિદીઠ ઊર્ધ્વપ્રાણનાં પણ પ્રત્યાઘાતોમાં તફાવત પડતો જાય છે. પ્રકૃતિ જેટલી નમનીય હશે તેટલાં ઊર્ધ્વપ્રાણનાં પ્રત્યાઘાતો વધારે પડતાં અસલ, સ્પષ્ટ અને નિશ્ચિત હશે. ઊર્ધ્વસત્યોને ધારણ કરતી વખતે ઘણી વખત તેનાં પરિણામો આપણે સ્વીકારેલાં વિચારો, ભાવનાની અભિવ્યક્તિની પદ્ધતિઓ અથવા વર્તનપ્રકારો કરતાં તદ્દન ઊલટાં હોઈ શકે છે.

ઊર્ધ્વપ્રાણમાં સાધારણ રીતે પ્રાણમય મન, ઊર્મિમય પ્રાણની ગતિવિધિઓનો સમાવેશ કરવામાં આવે છે. આવો ઊર્ધ્વપ્રાણ વિવેકી મન

અથવા આંતર - પ્રેરણાઓને અનુસરે છે. ઊર્ધ્વપ્રાણનો પ્રભાવ કંઠથી નાભિ સુધીના વિસ્તારમાં જોવા મળે છે. નાભિ નીચેનો પ્રદેશ નિમ્નપ્રાણનો છે અને મૂલાધાર સ્થૂળ - પ્રકૃત્તિ અથવા શારીરિક - ચેતનાનો.

અંતરાત્મા એ ચૈત્યપુરુષના લગતનો પુરુષ છે. આંતર મન, પ્રાણ અને શારીરિક તત્ત્વનાં બનેલાં આંતરસ્વરૂપનું તે સંચાલન કરે છે. તેની પાછળ ચૈત્યપુરુષ છે અને તેની ઊર્ધ્વમાં જીવાત્મા છે.

આંતરપુરુષ એ ચૈત્યપુરુષ અને બાહ્યપ્રકૃતિને જોડનારું તત્ત્વ છે. તે માટે ઘણી વખત તે નિમ્નગતિઓ સ્વીકારીને પણ પ્રકૃત્તિ સાથે સંબંધ જાળવી રાખે છે, પણ તેને કારણે બાહ્યપ્રકૃત્તિનાં રૂપાંતરની શક્યતા ઊભી થાય છે.

સાધકનો એક વખત પ્રભુ સાથે અથવા તેનાં અંશસ્વરૂપ જીવાત્મા સાથે સંબંધ બંધાઈ જાય પછી જ ચૈત્યપુરુષ જાગૃત્ત થાય છે, અગ્ર ભાગે આવે છે, સક્રિય બને છે અને અંતે, તેનો સાક્ષાત્કાર થાય છે; તે જ અહંકારમાંથી મુક્તિ અને ભક્તિ, પ્રેમ, સમર્પણનો ભાવ રચે છે.

ઊર્મિમય પ્રાણની ગતિઓ જ શુદ્ધ થતાં ચૈતસિક - લાગણીઓ બની જાય છે.

નિમ્નપ્રાણ અને ઊર્મિમય પ્રાણની લાગણીઓનો તફાવત સમજવા માટે તેનો પરિણામ શરીરનાં કયા ભાગ ઉપર થાય છે તેને આધારે પાડી શકાય છે. ઊર્મિમય પ્રાણની લાગણીઓ મુખ્યત્વે હૃદયમાં અનુભવાય છે. દા.ત. કરૂણા, પ્રેમ વગેરે. જ્યારે નિમ્નપ્રાણની લાગણીઓ નાભિ-પ્રદેશના આસપાસનાં પ્રદેશમાં અનુભવાય છે. દા.ત. ડર, અસુરક્ષિતતા, ગુસ્સો.

એકંદરે સમર્થ પ્રાણ જીવનશક્તિથી ભરપૂર હોય છે. મહત્ત્વાકાંક્ષા, નીડરતા, ઉત્સાહ, ઉદારતા, નેતૃત્વ અને સહજ સત્તા એ તેનાં સ્વાભાવિક લક્ષણો હોય છે. સમર્થ પ્રાણ સમર્પિત થવો મુશ્કેલ છે, પણ થઈ જાય તો પ્રભુનાં કાર્યનું તે એક સમર્થ સાધન બની જાય છે. દા.ત. હનુમાનજી.

સમર્થ પ્રાણની બે જ મુશ્કેલીઓ છે : પ્રચંડ અહંકાર અને સત્તાનું આકર્ષણ.

(અનુ. પૃ.૪૧ ઉપર)

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## મન અને અતિમનસ

(ઉપનિષદો, પૃ.૧૩૬-૧૪૧)

1 Upanishad affirms a mind beyond mind as the result of intuition and spiritual experience. P. 136

2 This supreme cognitive principle is (1) It is beyond the reach of mind and the senses (2) It does not itself think with mind (3) It is that by which mind itself thinks (4) It is....Brahman consciousness. P. 136

3 The absolute brahman in itself held to be unknowable and indescribable. P. 136

4 It is not void, has positive existence, but beyond our present instruments of knowledge with present capacities. P. 136

5 Brahman consciousness is the eternal outlook of the Absolute upon the relative P. 136

6 But the Upanishad commands us to know (viddhi) this brahman and by knowledge(avedit) to possess it. (Then how is this possible) P. 137

7 On this earth that we must thus possess brahman in knowledge. P. 137

8 It's distinction between the knowlability and the unknowability of brahman P. 137

9 For this we should use synthetic intuition rather than logical mentality P. 137

10 Neither the description of Brahman by the Upanishad nor the explanation must be pushed beyond their proper limits. They should be understood as guide-posts. P. 137

11 The sanskrti word vidmah or viddhi indicate a general grasp and possession in knowledge (by intuition) where as the words vijanimah or 'avedit' indicates total and exact comprehension in whole and detail by 'synthesis and analysis.' (i. e. mentally). P. 137

12 (The difference is given as under) grasping by our present mentality is of forms and phenomenon of Brahman and not the of superme Brahman itself. P. 137

13 Unknown is that which is not known. But it is not unknowable. P. 138

14 In the second chapter difficulty is solved in the foruth, the means of knowledge are indicated. P. 138

15 The contradication arises from... a relation between consciousness that seeks (subject) and the consciousness that is sought (object) where that relation disapperars, knowledge is replaced by sheer identity... This is the metaphysical distinction,.. P. 138

16 The fundamental awareness of the absolute is beyond all possible description and behind all formulated experience. P. 138

17 If we are limited (as above) we have not true possession of brahman. If we are in and through it (i.e. identical) we shall even while in this body, remain in touch with the Absolute. P. 138

18 Just as mind consciousness is beyond the first inconscient movement of life so too this supramental consciousness is beyond the divided mind and unattainable by it through its own instruments. P. 139

19 Mind is to supermind an inferior and secondary action, not its own proper mode. P. 139

20 Supermind is founded on unity, It regards individual in the universal (i.e. part and parcel of universal). It does not start from the individual (and comes to universal). P. 139

21 Supermind fixes these points (i.e. individual consciousness) sees how consciousness must act from them to other forms of itself. P. 140

22 Even our ignorance is distorted action of a truth. P. 140

23 So long as the mind... adheres to all this that he now accepts, he cannot rise beyond this death to that immortality... P. 141

# વેદ-રહસ્ય

- શ્રી અરવિન્દ

## વરુણ અને મિત્રનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૨-૧૧૦)

પ્રકરણ -૧૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૨૫-૧૩૦)

૧ વરુણ એકત્રિત થયેલાં સર્વ જ્ઞાનોની નાભિ છે..... જેનાં ઉપર દૈવિક કાર્યો ટકી રહે છે..... મિત્રે સાચી સંવાદિતામાં વ્યવસ્થિત બનવાનું છે. પૃ.૧૨૬

૨ વરુણ આપણી શક્તિઓને ધારણ કરનાર, વિઘ્નોને દૂર કરનાર છે, પણ આપણાં ભાગોની રચના કરનાર નથી. પૃ.૧૨૬

૩ મિત્ર સંવાદોનો..... રચના કરનાર છે. પૃ.૧૨૬

૪ આ બે રાજાઓ પરસ્પરનાં પૂરક છે. પૃ.૧૨૬

૫ આ બે દેવો આત્માની પરિપૂર્ણતા કરનાર પ્રભુની બે મહાન શક્તિઓ છે. પૃ.૧૨૬

૬ મધુચ્છંદસ ઋષિ તેમની સંયુક્ત દિવ્યતાની ચાવી આપણને આપે છે..... ઋત્‌ને સ્પર્શ કરનાર, મિત્ર તથા વરુણ, ઋત્ વડે તમે સંકલ્પશક્તિની વિશાળ ક્રિયાને પ્રાપ્ત કરો..... તે બંને કાર્ય કરતી નિર્ણયશક્તિને (બે પાસાંને) ધારણ કરે છે. પૃ.૧૨૭

૭ મિત્ર શબ્દ ‘મિથ’ ધાતુમાંથી આવ્યો છે, જેનો અર્થ છે આલિંગન કરવું, જોડાવું. મયસ શબ્દ પણ ‘મિથ’ ધાતુ ઈપરથી બન્યો છે. પૃ.૧૨૭

૮ (અગ્નિનો) તેમને 'મિત્ર' નામથી વર્ણવવામાં આવ્યાં છે. પૃ.૧૨૭

૯ વેદ તેને (મિત્રને) સર્વ દેવોમાં સૌથી વધારે વહાલો દેવ કહીને વર્ણવે છે. પૃ.૧૨૭

૧૦ વૈદિક ઋષિ પ્રેમને માનવતામાં વહી આવતાં દિવ્ય આનંદ તરીકે સ્વીકારતા. પૃ.૧૨૭

૧૧ વૈદિક મયસને, વેદાંતના આનંદને તૈતરીય ઉપનિષદમાં પ્રેમ તરીકે ઉલ્લેખી (પરમચેતનાનું) તેનું શિર્ષ તરીકે વર્ણવેલ છે. પૃ.૧૨૭

૧૨ મયસ્ એ..... પદાર્થોની નિરપેક્ષ આંતર સુખનું તત્ત્વ છે..... પ્રયસ્ એ બાહ્ય પદાર્થોમાંથી પ્રાપ્ત થતું સુખનું તત્ત્વ છે. પૃ.૧૨૭

૧૩ (વરુણનાં) તેનાં વિશાળ, વિશુદ્ધ શક્તિ વડે..... અર્યમા પ્રાપ્ત થાય છે. મિત્રની - સંવાદિતા વડે ભગની પ્રાપ્તિ થાય છે. પૃ.૧૨૮

૧૪ ભગમાં કોઈ પાપ નથી. પૃ.૧૨૮

૧૫ અનંતતાના પુત્ર મિત્રના નિયમોનો બોધપાઠ લેનારને પ્રયસ્ મળે છે. પૃ.૧૨૮

૧૬ મિત્ર.... એવા આવેગોની રચના કરે છે, જેનાં કાર્યો સ્વાભાવિક રીતે જ આત્માની બધી ખોજોને પરિપૂર્ણ કરે છે. પૃ.૧૨૮

૧૭ મિત્ર આકાશ - પૃથ્વીને ધારણ કરે છે. પૃ.૧૨૮

૧૮ તેના (મિત્રના) નિયમો..... આપણામાં 'સમતિ' નિર્માણ કરે છે. પૃ.૧૨૮

૧૯ દુઃખમયતાથી મુક્ત, શબ્દની દેવીમાં આનંદ માણતા, પૃથ્વીની વિશાળતામાં ઘૂંટણીએ પડી નમન કરતાં, અમે અનંતતાના પુત્ર મિત્રનાં કાર્યના નિયમોમાં નિવાસસ્થાન પ્રાપ્ત કરીએ. (૩-૫૯-૩). પૃ.૧૨૮

૨૦ જ્યારે અગ્નિ મિત્ર બને છે..... ત્યારે ઘરમાં ગૃહપતિ અને તેની પત્ની સુખપૂર્વક જીવે છે. પૃ.૧૨૮

(અનુ.પૃ.૫૦ ઉપર)

# શ્રી અરવિન્દ : પોતા વિષે
- શ્રી અરવિન્દ

# શિષ્ય તરીકે સ્વીકારવાની શરતો

પ્રકરણ - ૪૧

(પૃ.૧૭૫-૧૭૯)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આ યોગ માટે ત્રીજી પણ ગેરસમજ છે. આ યોગ હાલનાં માનવી સ્વરૂપને પૂર્ણતા બક્ષવા માગે છે તેમ પણ નથી. તેને સંપૂર્ણ રીતે ચૈત્યપુરુષની મદદથી ચૈતસિક રૂપાંતર લાવીને અને તે પછી ઊર્ધ્વમાંની ચેતનાની મદદથી આધ્યાત્મિક રૂપાંતર લાવીને આજની માનવી-ચેતનાને ધરમૂળથી બદલી દિવ્ય કરવા માંગે છે. તે માટે તેણે પોતાની જૂની માનવી-પ્રકૃત્તિની બધી અજ્ઞાનમય ગતિઓને તદ્દન બહાર ફેંકી દેવાની છે અને તેમને સ્થાને આત્માને અનુરૂપ નવી દિવ્ય ગતિઓ સ્થાપવાની છે. આમ, માનવી - પ્રકૃત્તિને વટાવીને તેણે પરાપ્રકૃતિમાં રહેતા શીખવાનું છે.

તેથી આ યોગમાં જેને પુકાર થયેલ છે તેમને જ લેતા આવે છે.

તમને આશ્રમવાસી  તરીકે સ્વીકાર્યા પછી પણ કાંઈ તમે ધ્યાનપૂજામાં જ શાંતિથી સમય પસાર કરવાનો નથી. તમે આશ્રમનાં કામકાજમાં આઠ નવ કલાક સક્રિય સેવક તરીકે કામ કરવાનું છે.

તેથી પૂર્ણયોગનું ધ્યેય અને પદ્ધતિ ખૂબ જ સહેલાં છે અને વળી તે સ્વાભાવિક માનવી-પ્રવૃત્તિ જેવાં જ નૈસર્ગિક છે એવા ભ્રમમાં કોઈએ રહેવું ન જોઈએ.

હજી પૂર્ણયોગની વિશેષતાઓ છે. પૂર્ણયોગમાં પ્રચાર કરીને શિષ્યોનો શંભુમેળો ભેગો કરવાનો હોતો નથી તેમ જ ધનિકોને માનપાન આપી તેમની પાસેથી દાન પણ મેળવવાનું નથી. બધાંને જ આશ્રમને મદદ કરવાનો અધિકાર

નથી. પણ જેઓ ખરેખર દિલથી માને છે કે આશ્રમમાં ખૂબ જ ઉચ્ચકક્ષાની દિવ્ય પ્રવૃત્તિઓ ચાલી રહી છે જે ભાવિ મહામાનવને તૈયાર કરશે અને આ કામ માટે ધનની જરૂર તો રહેવાની જ છે તેથી આવા સુયોગ્ય કામમાં દાન સ્વેચ્છાએ આપવા માગે છે તેઓ જ દાન દેવાપાત્ર છે. કીર્તિ માટે નહીં, પ્રભુના કાર્ય માટે દાન આ તેનો ભાવ હોવો જરૂરી છે.

લોકોને પૂર્ણયોગ સમજાવવામાં પણ ઈંગ્લેંડ, અમેરિકાનાં લોકો માટે ભારતીય પદ્ધતિ નકામી પૂરવાર થશે. ભારતીય શ્રદ્ધાળુ છે.. તેનાં લોહીમાં આધ્યાત્મિક ભાવ ભરેલો હોવાથી તે તરત શ્રદ્ધા રાખી સાધના પ્રત્યે વળે છે. પણ ઈંગ્લીશ અને અમેરિકન વધારે બૌદ્ધિક અને વ્યવહારું હોય છે. તેઓ નકરી શ્રદ્ધાના જોરે આ પૂર્ણયોગને નહિં સ્વીકારે. તેથી તેમને પ્રથમ પૂર્ણયોગનું તત્ત્વજ્ઞાન બૌદ્ધિક રીતે સમજાવીને તેમને પછી મુક્ત નિર્ણય લેવા છૂટા મૂકી દેવામાં આવે છે. જો તેમને અંદરથી પુકાર આવે તો પોતે જ કાલાંતરે આશ્રમમાં આવીને સાધના કરવાની તૈયારી કરીને આવે છે. આવાં જ લોકોને, તેમની ઉપર જણાવેલી યોગ્યતાઓ તપાસીને જ આશ્રમમાં સવીકારવામાં આવે છે.

બીજું, ખૂબ જ બૌદ્ધિક વ્યક્તિઓને જ આશ્રમમાં પ્રવેશ આપવાથી પણ આપણે જે સમગ્ર-સમાજ અને માનવ-જાતિને જ ચેતના બદલવા માગીએ છીએ તે હેતુ સરવાનો નથી.

ઘણાં લોકો આશ્રમમાં આવીને તેમની પ્રકૃત્તિને પૂર્ણયોગ અનુરૂપ ન લાગવાથી આશ્રમ છોડવાં માગતાં હોય છે તેમને પણ પરાણે આશ્રમમાં રાખવાનો અર્થ નથી. જે જવા માગે છે તેમને જવા જ દેવા જોઈએ.

આ સમગ્ર કાર્ય માટે ધનની જરૂર રહેશે જ. કોઈપણ સામેથી દાન આપનારાં એવાં બહું ઓછાં હોય છે. તેથી લોકોને આ કાર્યની મહત્તા સમજાવીને તેમની પાસે ધનની માગણી કરવી જોઈએ. પણ પરાણે વસૂલ ન કરવા જોઈએ. તે પછી જો તે પ્રેમથી આપે તો જ સ્વીકારવા જોઈએ. આ બધાં કામો શિષ્યે પ્રભુ કાર્ય તરીકે જ ગણીને કરવાના હોય છે.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## ક્યાં સુધી ?

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)
પ્રકરણ - ૪૯

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **..... આ ક્ષુદ્ર મન, પ્રાણ અને શરીર જેને આપણે આપણી જાત કહીએ છીએ તે ચેતનાની છીછરી સપાટી પરની ક્રિયા માત્ર છે..... પૃ.૪૬**
- **એ તો કેવળ બહારનું ખંડ વ્યક્તિ સ્વરૂપ હોઈ એક જીવન પૂરતું અજ્ઞાનની લીલા માટે તેને આગળ મૂકવામાં આવ્યું હોય છે. પૃ.૪૬**
- **..... એ ખંડ વ્યક્તિ સ્વરૂપની પાસે પોતાનાં સાધન તરીકે..... ખોડંગાતું અજ્ઞાની મન છે. બીજું આનંદનાં ટૂકડાં માટે આમથી તેમ દોડ-દોડ કરનાર પ્રાણ છે..... ત્રીજું તમોગ્રસ્ત અને મોટે ભાગે અવચેતનાને વશ તથા બાહ્ય પદાર્થોના આઘાતોને ઝીલનાર..... અન્નમય દેહ એ કરણો હોય છે. પૃ.૪૬**
- **..... જ્યાં સુધી મન એ બધાંથી કંટાળી જઈને....., પ્રાણ પણ કંટાળી જઈને..... તથા સ્થૂળ ચેતના પણ થાકી જઈને..... સુખદુ:ખોમાંથી મુક્તિ વાંછે ત્યાં સુધી એ પ્રમાણે ચાલે છે. પૃ.૪૬-૪૭**
- **..... ત્યાર પછી ખંડ વ્યક્તિતા..... અસલ વાસ્તવિક સ્વરૂપ પ્રત્યે અભિમુખ થાય છે..... અને મહાન તત્ત્વો પ્રત્યે ખુલ્લી થઈ શકે છે. પૃ.૪૭**

*****

સપાટી પરની વ્યક્તિતા અને તેની અસર ક્યારે ઉતારી શકાય છે તે બાબતે શ્રી અરવિન્દ જણાવી રહ્યાં છે.

વ્યક્તિમાં બે પ્રકારની ચેતના હોય છે, એક બાહ્ય અને એક આંતર - ચેતના. બાહ્ય ચેતનાએ સપાટી પરના જીવનમાં જ રસ લેતી હોય છે અને વ્યક્તિ પણ તે જ રીતે જીવન જીવતો હોય છે. અને તે દ્વારા બાહ્ય મન, પ્રાણ અને શરીર જ વ્યક્ત થતાં હોય છે. આ અભિવ્યક્તિ બિલકુલ છીછરી અને ઉપરછલ્લી જ હોય છે. જ્યારે આંતરચેતનામાં વ્યક્તિનું સાચું અને અસલ સ્વરૂપ વિરાજમાન હોય છે. આ બાહ્ય સ્વરૂપને શ્રી અરવિન્દ ખંડ વ્યક્તિતા (part personality) કહે છે. કારણ કે તે ફક્ત એક બાહિક અને સપાટી પરના જીવનની જ વિકૃત્ત અભિવ્યક્તિ હોય છે. આ પ્રભુને પ્રગટ કરવાને માટે જે અખંડ યજ્ઞ ચાલી રહ્યો છે તેની લીલામાં તે એક અજ્ઞાનમય સ્વરૂપ હોય છે. અને આ બાહ્ય સ્વરૂપને ત્રણ સાધનો આપવામાં આવ્યાં છે : સત્યના ટૂકડાની શોધમાં ઠુંકારતું મન, ક્ષણિક અને ભૌતિક આનંદ માટે ભાગં-ભાગ અને દોડા-દોડી કરતો પ્રાણ અને હંમેશને માટે અનેક આઘાતો સહન કરનાર શરીર. સામાન્ય માનવીય જીવનનો આ ચિતાર છે. પરંતુ..... આવું ક્યાં સુધી?

શ્રી અરવિન્દ જણાવે છે કે મન, પ્રાણ અને શરીર આ પ્રકારના જીવનથી કંટાળી જાય અને તે દ્વારા તેનામાં આવતી મર્યાદાઓથી મુક્તિ ચાહે ત્યારે જ કોઈ પ્રકારના ઉચ્ચ જીવન તરફ વળે છે. અને આ ઉચ્ચ જીવન તરફ વળવાની અભિપ્સા જ તેને પોતાનાં આંતર સ્વરૂપો બાબતે વળવા માટે પ્રેરે છે. આ વળાંક જ તેને અંતરમાં અભિમુખ કરે છે. અને માણસ પોતાનાં આંતર સ્વરૂપો બાબતે જાગૃત્ત થવાં પ્રયત્ન કરે છે.

આ આંતર ચેતના પણ બે પ્રકારની છે એક તો તે સૂક્ષ્મ આંતર ચેતના છે જે બાહ્ય ચેતના અને અંતરતમ દિવ્ય ચેતના વચ્ચેનો સેતુ છે. પ્રથમ આંતર ચેતનામાં પ્રવેશતા જ વ્યક્તિ પોતાને મુક્ત અનુભવે છે. આ મુક્તિ એક પ્રકારની બાહિક ચેતનામાંથી આંતર ચેતનામાં પ્રવેશ કરવો તે પ્રકારની હોય છે. પરંતુ તેમાં વ્યક્તિની બાહ્ય સ્વરૂપની અમૂક મર્યાદાઓ ખરી પડેલી હોય છે અને આ પ્રકારની એક પ્રકારની શુદ્ધતામાં વ્યક્તિને એક આંતર મુક્તિ લાગવા માંડે છે. ત્યાર બાદ

વ્યક્તિ પોતાની અંતરત્તમ દિવ્ય ચેતના બાબતે સભાન થવાં માંડે છે અને તે પોતાનામાં રહેલા માં ભગવતીના અંશને પીછાણતો થાય છે અને તે પોતાના ચૈત્યપુરુષના સંપર્કમાં આવે છે. આ સંપર્ક જ તેને અગાઉ જણાવેલ મહાન તત્ત્વો - કેવળ શાંતિ અને નીરવતા જ નહિ પરંતુ જ્ઞાન, જ્યોતિ, શાંતિ, દિવ્ય દૃષ્ટિ, દિવ્ય વિચાર, આનંદ - એ સઘળાં ઊર્ધ્વમાંથી ઊતારી લાવે છે. આ વ્યક્તિનો ઊર્ધ્વ ગોળાર્ધમાં ઉદય હોય છે અને તેની પ્રકૃતિ પણ ધીરે ધીરે શુદ્ધ થઈ દિવ્ય થવાં માંડે છે. આ રીતે ચેતના પણ ઊર્ધ્વમાં ખુલ્લી થવાં માંડે છે.

શ્રી અરવિન્દ સાવિત્રી મહાકાવ્યમાં જણાવે છે કે આ પ્રકારે ચેતના ઉત્થાન પામતી હોય છે અને દરેક વખતે એક નવીન પ્રકારની છાપ જીવન જીવવા માટે છોડી જતી હોય છે :

In moments when the inner lamps are lit
And the life's cherished guests are left outside,
Our spirit sits alone and speaks to its gulfs.
A wider consciousness opens then its doors;
Invading from spiritual silences
A ray of the timeless Glory stoops awhile
To commune with our seized illumined clay
And leaves its huge white stamp upon our lives.
(Savitri Page : 47-48)


## રાજકોટ કેન્દ્ર - પ્રકાશનના આરે

શ્રી માનસિંહભાઈ ચાવડા લિખિત શ્રી માતાજીના એજંડામાંના આધ્યાત્મિક અનુભૂતિઓનું સળંગ વિવરણ કરતા હાર્ડબાઉન્ડ ગ્રંથો

(૧) **શ્રી માતાજીનું જીવન કાર્ય** ભાગ-૧ પૃ.૪૭૨ કિં. ૨૭૫-૦૦

(૨) **શ્રી માતાજીનું જીવન કાર્ય** ભાગ-૨ પૃ.૪૮૦ કિં. ૨૭૫-૦૦

### પ્રકરણ - ૪૯

# આપણી યોગ વિષે ગેરસમજો

(૧૫-૮-૨૫) (પૃ.૨૩૬-૨૩૮)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આપણા યોગનું લક્ષ્ય છે અતિમનસ ચેતના. અતિમનસ પ્રકૃત્તિ અને બન્નેનો સંયોગ સ્વરૂપ અતિમનસ જીવનને આપણા તદ્દન ભૌતિક જીવનમાં પણ કાયમી સ્વરૂપે પ્રગટ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવી. પણ આ બાબત થોડીક ગેરસમજો છે તેનું નિરાકરણ કરવું જરૂરી છે.

(૧) કેટલાક લોકો માને છે કે આનો અર્થ અણિમા મહિમાદિ અષ્ટસિદ્ધિઓની પ્રાપ્તિ, રોગો ઉપર વિજય તેને નિવારવાની ક્ષમતા વગેરે એટલે જ આ હેતુની સિદ્ધિ. પણ આવી સિદ્ધિઓ પ્રાણમય ક્ષેત્રમાંથી પણ મળી આવે છે બીજું, આવી સિદ્ધિ ધરાવનારાઓને અતિમનસ યોગનો કોઈ ખ્યાલ પણ ન હોય તેવું શક્ય છે. તે વસ્તુઓ જ એટલે અતિમનસ યોગ નથી.

(૨) એવો પણ ખ્યાલ પ્રવર્તે છે કે યોગ માટે ભૂતકાળમાં પણ અનેક વખત પ્રયત્નો થયેલાં છે. અતિમનસ પ્રકાશ અવતરણ પામેલો પણ લોકો તેને ધારણ કરી શકેલાં ન હોવાથી પાછો ચાલ્યો ગયો છે. આ વાત પણ શક્ય જણાતી નથી. એક તો તેવા પ્રકાશથી બુદ્ધિને પ્રેરણા મેળવવાનાં પ્રયત્નો થયાં છે. પણ તદ્દન ભૌતિક શરીરમાં ઊતારવાના ઉલ્લેખો સ્પષ્ટ નથી. બીજું, તેવાં પ્રયત્નો થયાં હોય તો પણ તે વ્યક્તિગતસાક્ષાત્કાર દરજ્જે

જ. તે તત્ત્વને પૃથ્વી ઉપરની ઉત્ક્રાંતિમાં પ્રયોજવાનો ખ્યાલ મુદ્દલે નહોતો. ત્રીજું, તેવો પ્રયત્ન થયેલ હોય તો તેના પરિણામો શરીર ઉપર થોડાં ઘણાં પ્રમાણમાં દેખાત જ. પણ તેવું કાંઈ દેખાતું નથી. તેથી આ પ્રયોગ તદ્દન નવો છે, એમ સમજીને આપણા પ્રયત્નોનું અનન્ય મહત્ત્વ આપણે ઘટાડવું ન જોઈએ. અતિમનસ શરીરનું (જે અતિમનસ જગતમાં છે જ) અવતરણ કરાવી ભૌતિક શરીર દ્વારા પ્રગટ કરવાનો પ્રયોગ થયેલ નથી. વેદોમાં વિજ્ઞાનમય કોષનાં ઉલ્લેખો જરૂર જોવાં મળે છે. પણ તેને ભૌતિક શરીરમાં વિકસાવવાનાં ઉલ્લેખો નથી. બીજ સ્વરૂપે આપેલો છે, એ હકીકત છે.

(૩) ઘણાં લોકો આખરી રૂપાંતર બાબત અવનવી કલ્પનાઓ કરે છે પણ તેનો પૂરેપૂરો અંદાજ બાંધવો શક્ય નથી. પ્રાચીન યોગીઓએ શરીરમાં જે સિદ્ધિઓ મેળવેલી તે પ્રાણજયને લીધે. શારીરિક કોષોના રૂપાંતરને કારણે નહીં. પ્રાણજયથી શારીરિક તત્ત્વને દબાવીને સિદ્ધિઓને પ્રગટ કરવામાં આવે છે. આપણે કોષોનાં આમૂલાગ્ર અને સ્થાયી રૂપાંતરની વાત કરી રહ્યાં છીએ.

(૪) વેદાંતનાં આધાર ઉપર એવો પણ એક ખ્યાલ બંધાયેલો છે કે એક જ અખંડ બ્રહ્મ-ચેતનાનો આપણાં સ્વરૂપનાં બધાં જ સ્તરે (બધાં જ કોષોમાં) વધુ ઓછાં પ્રમાણમાં સાક્ષાત્કારને દરેક કોષનાં રૂપાંતરમાં પ્રયોજવાનો છે અને સમગ્ર રૂપાંતર સાધવાનું છે એ વધારાનો ભાગ પણ કરવાનો છે.

(૫) એવી પણ ગેર સમજ છે કે આપણે જે ઉત્ક્રાંતિ અજાણતા અભાન રીતે કરી રહ્યાં છીએ તે સચેતન અને સભાન રીતે કરવાનો આ યોગ છે. સચેતન અને સભાન ઉત્ક્રાંતિની પ્રક્રિયા એ આપણો ઉદ્દેશ છે. પણ આ અધૂરો ખ્યાલ છે. આપણે હાલની મનોમય કક્ષાની ઉત્ક્રાંતિને વધારે વિસ્તીર્ણ કરીને વિજ્ઞાનમય કોષને પણ વિકસાવવાનો છે અને આનંદમય કોષને પણ.

- માનસિંહ ચાવડા

# ગૌણ દેવતાઓ

પ્રકરણ - ૧૬

૧૬. અપ્સરા :

અપ્સરાઓને ગંધર્વોની પત્ની પણ કહી છે. ગંધર્વપત્નીભ્યોડપ્સરાભ્યો કરં નમઃ (અર્થવ ૨-૨-૫) અપ્સરાઓના પ્રકાર અથર્વવેદ મુજબ (૩-૨૬-૧-૬) નીચે પ્રમાણે છે સાગ્નિહેતિ, સકામા, અવિષ્યવ, વૈરાજ, સવાતા, પ્રવિધ્યંત, સૌષધિકા, નિલિપા અને બૃસ્પતિ યુક્ત અવસ્વાન્. અપ્સરા અપ (જળમાંથી) નિર્માણ થયેલી આગળ ધપતી (સરઃ) લહેર છે. અર્થાત્ નિરાકાર - ચેતનામાંથી નિર્માણ થતું એક આંદોલન સ્વરૂપ છે (અદ્ભ્યઃ સરંતિ..... શ.ક.પૃ.૭૧) અથર્વવેદમાં સૂર્યને ગંધર્વ અને તેનાં કિરણોને અપ્સરા કહી છે, અપ્સરા અંતરિક્ષમાં રહે છે એમ જણાવેલ છે. સમુદ્ર આસાં સદનં..... (અર્થવ ૨-૨-૩) સમુદ્ર એટલે અંતરિક્ષ. સારાંશ મનોમય ચેતનામાં જે આંદોલનો નિર્માણ થાય છે તે જ અપ્સરા છે. સૂર્યના આંદોલનો દ્યોઃ અંતરિક્ષ અને પૃથ્વી ત્રણે લોકમાંથી પસાર થાય છે તેમાનાં માનસિક ચેતનાનો પ્રદેશ અંતરિક્ષ અને ભૌતિક ચેતનાનો પ્રદેશ પૃથ્વી છે.

૧૭ એકાષ્ટિકા :

મહા માસની વદ આઠમની પૂર્વરાત્રીને 'એકાષ્ટિકા' કહે છે કદાચ વેદકાળમાં વર્ષની શરૂઆત મહાવદ એકમથી થતી હોય તેથી તે વર્ષની પ્રથમ પુત્રી અને ઈન્દ્ર અને સોમની માતા તરીકે જણાવેલ છે. ઈન્દ્રપુત્રે સોમપુત્રે દુહિતાસિ પ્રજાપતેઃ (અર્થવ ૩-૧૦-૧૩) આનો આધ્યાત્મિક અર્થ એ છે કે આઠમનો ચંદ્ર અડધો પ્રકાશિત અર્ધ અંધારિયો હોય છે મનનું પ્રતીક ચંદ્ર છે આનો અર્થ માનવનું મન અર્ધજ્ઞાન ધરાવે છે. તેમાં મનનો થોડો પ્રકાશસ્વરૂપ ઈન્દ્ર છે.

અને માનસિક આનંદનો થોડો પ્રકાર સ્વરૂપ સોમ છે. તેથી ઈન્દ્ર - સોમ તેનાં પુત્રો. આવા મનની ઉત્ક્રાંતિની પ્રક્રિયા રચવી એ છે.

આ મનની સ્થિતિથી જ આધ્યાત્મિક - ચેતનાનો પ્રથમ જન્મ થાય છે તેથી આ 'પ્રથમા' અષ્ટમી છે, એકાષ્ટિકાં છે.

૧૮ કામ:

કામ એટલે કામદેવ. કામની ઉત્પતિ જગતની રચના પહેલાની છે મનની ક્ષમતાને કામ (ઈચ્છા) કહે છે. મનસો રેતઃ પ્રથમં યદાસીત્ (અથર્વ ૧૯-૫૨-૧) કામનાઓ હૃદયમાં જન્મે છે હૃત્સુ કામા અરંસત (અથર્વ ૧૪-૨-૫) કામનાં બે સ્તરો વર્ણવેલાં છે. વૈશ્વિક કામાનાઓ અને વ્યક્તિગત કામનાઓ. વૈશ્વિક કામનાઓનો અંશ જ વ્યક્તિગત કામનાઓ છે. તેથી બન્નેની જાતિ, યોનિ એક જ હોવાથી તેને સંયોનિ કહે છે. કામ કામેન બૃહતા સયોની..... યજમાનાય ધેહિ (અર્થવ ૧૯-૫૨-૧)

કામના પ્રણય સ્વરૂપને મનોભુવને (મનમાં નિર્માણ થયેલો) કામદેવ કહે છે.

આમ કામના ત્રણ રૂપો છે.

(૧) નિર્વિષયક અભિલાષા કે આધ્યાત્મિક કામનાઓ છે. (૨) ભૌતિક કે માનસિક જીવનની કામનાઓ દા.ત. યશ, સત્તા, ધન (૩) કામ ક્રીડાની કામના. ત્રણેનાં ઉદ્ભવ સ્થાન અલગ અલગ છે. પ્રથમ હૃદયમાં જન્મે છે, જે કારણ શરીરનો ભાગ છે. બીજી સૂક્ષ્મશરીરનાં મનમાં જન્મે છે. ત્રીજી શરીરમાં જન્મે છે પણ ત્રણે કેન્દ્રો જોડાયેલા હોવાથી એકબીજાનો ચેપ લાગે છે.

૧૯. કૂહૂ:

અમાસનું બીજું નામ કૂહૂ છે. તેને શતદાય કહે છે. જે શતકોમાં આપે છે, ખૂબ જ આપે છે તે શતદાય. કૂહૂને 'સુકૃતા' કહી છે. તે સારાં કાર્યો કરવાં પ્રેરે છે. તેમને 'વિદ્યાનાપા' પણ કહી છે. જે નિરાકાર - પ્રકાશમય ચેતનારૂપી આપઃનું જ્ઞાન ધરાવે છે તે. ચેતનાના પચનના રાત્રીનો ગાળો જ કૂહૂ. તે જ ઉપરની વસ્તુ આપે છે.

૨૦ જરિમા:

એટલે વૃદ્ધાવસ્થા, ઘડપણ. વ્યક્તિ ઘડપણથી મૃત્યુ પામે, અકાળ મૃત્યુથી નહિ (અનુ. પૃ.૧૫ ઉપર)

# પ્રકાશનાં અવતરણનું પરિણામ - રૂપાંતર

પ્રકરણ - ૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

All sorts of minor disorders are breaking out, but the consciousness clearly associates them with the transformation, something knows perfectly that the disorder has come to make the transtion from the ordinary, automatic functioning to the conscious functioning under the direct control and influence of the Supreme [of "that" of the other state] - 1966-221

Naturally, for the outside world, that's what is called "Reverting to childhood". Yet it's truly necessary to let go of everything; all capacity, all understanding, all intelligence, all knowledge, everything - to become perfectly non-existent. That's very important. - 1961-26

કોષોમાં પ્રકાશનું અવતરણ કે આવિર્ભાવને લીધે કોષોની ચેતનાની કક્ષા બદલાઈ જાય છે અને તેથી કોષો જે જૂની કક્ષામાંથી શારીરિક ક્રિયાઓ કરતાં હતાં તે કરવામાં તેમની અનાવડત પ્રકટ થાય છે. હજી સુધી નવી ચેતનાની કક્ષામાંથી શારીરિક-કાર્ય કરવાની તેમને ટેવ નથી અને તેનો અભ્યાસ પણ નથી. જૂની પદ્ધતિ નષ્ટ થઈ અને નવી હજી પ્રસ્થાપિત થયેલ નથી એવી મધ્યંતરની

અવસ્થામાં તેથી નાની - નાની શારીરિક તકલીફો, અનિયમિતતાઓ નિર્માણ થાય છે. પણ આ એક પસાર થઈ જનારો તબક્કો હોય છે. કોષોની ચેતના નિમ્નકક્ષાના કેન્દ્રમાંથી ઊર્ધ્વ-કક્ષાનાં કેન્દ્ર દ્વારા પ્રકટ થવાં પ્રયત્ન કરતી હોય છે. આ જ રૂપાંતરનું આંતરિક સ્વરૂપ છે.

ઊર્ધ્વ - કક્ષાનાં કેન્દ્રમાંથી ચેતનાનો આવિર્ભાવ એટલે વધારે સભાનતાની કક્ષા પ્રાપ્ત કરવી. નિમ્નકક્ષાનાં કેન્દ્રો પોતાની આસપાસનાં સંપૂર્ણ પ્રદેશ ઉપર સભાન રીતે નિયમન કરી શકતાં નથી. તેથી તે પ્રદેશમાંથી અમૂક ક્રિયાઓ સભાન રીતે થાય છે. જ્યારે બીજી ક્રિયાઓ ઉપર તેમનું સભાન નિયંત્રણ અને સંચાલન ન હોવાથી તે ક્રિયાઓ પ્રકૃત્તિ - નિસર્ગ - અભાન રીતે યાંત્રિક રીતે પાર પાડતું હોય છે. ઊર્ધ્વકક્ષાનાં કેન્દ્રમાંથી ચેતના પ્રકટ થતાં તે આવાં અભાન-કાર્યો ને વધારે સભાન રીતે કરવાં માંડે છે આ તેનું નવું કાર્યક્ષેત્ર હોવાથી તે નવા કાર્યક્ષેત્રમાં થોડો વિસંવાદ કે અવ્યવસ્થા સર્જાવાની શક્યતા છે. પણ ધીમે ધીમે આ અવ્યવસ્થા પણ જતી રહે છે અને સભાનતાનું ક્ષેત્ર વધારે વિસ્તરેલું અનુભવાય છે. પાર્થિવતત્ત્વનો અચેતન વિસ્તાર વધારે સચેતન બનેલો અનુભવાય છે.

જ્યારે આવી અવ્યવસ્થા સર્જાય છે ત્યારે બહારનાં લોકોને એમ લાગે છે કે સાધક ખરેખર નાની નાની વાતોમાં પણ ભૂલકણો બની ગયો છે. તે કાર્ય કરવાની પદ્ધતિ ભૂલી ગયો છે એમ લાગે છે. જાણે બાળપણ પાછું આવી રહ્યું છે એવું તેમને લાગે છે પણ વાસ્તિવકતા એ છે કે સાધક તે યાંત્રિક કાર્યપદ્ધતિને હવે વધારે સભાન રીતે કરવાનો પ્રયત્ન કરતો હોય છે. ભૂતકાળની બધી જ યાંત્રિકતા પછી તે ક્ષમતા, બુદ્ધિ, શરીર કે મનની હોય તે ભૂલીને નવેસરથી શીખવું જરૂરી છે. આ રીતે શીખવું એ વાત આ રૂપાંતરની ક્રિયામાં ખૂબ જ જરૂરી છે.

શ્રી અરવિન્દે આ વસ્તુને એટલું મહત્ત્વ આપેલ છે કે તેઓ કહેતાં કે ''જો એક વાર એક જ શરીર પણ એ કરી શકે તો તેમનામાં એ વસ્તુ બીજાલોકોને આપવાની આવડત આવી જાય છે.....'' અને આ વસ્તુ કરવા માટે તો તમારે એક ''નાના બાળક'' જેવી લાગણી સેવવી જરૂરી છે.

-સાધનાની નોંધપોથી પેજ - ૧૦૫-૧૦૬

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## કેટલાંક સ્પષ્ટીકરણો

પ્રકરણ - ૧૪ (પૃ. ૫૩-૫૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૨૨ શું દરેક યોગીઓએ ગુહ્ય-પ્રક્રિયાનો આશ્રય લેવો જરૂરી છે?

ના, બધાં જ યોગીઓમાં ગુહ્ય-ક્ષમતાઓ હોતી નથી. તેણે તે રસ લઈને વિકસાવવી પડે છે.

૨૩ યોગીઓમાં તપસ્યાથી વિકસતી શક્તિને જ યોગ-શક્તિ કહેવાય છે? શું તે જ દિવ્ય-શક્તિ પણ છે?

સાચી યોગિક શક્તિ તો પ્રભુ સાથે એકરૂપ થયા બાદ જ, તેની સાથે જોડાયા બાદ જ આવે છે. આ જોડાણ તેનાં કાર્યનાં કરણ બનવાથી પણ થઈ શકે છે. અસુરોમાં અને દેવોમાં જે ગૂઢ-શક્તિઓ હોય છે તે યોગિક હોતી નથી. દેવોમાં જન્મજાત દિવ્ય-શક્તિ હોય છે. અસુરોમાં અદિવ્ય-શક્તિ.

૨૪ શું સાધકના જીવનમાં ચમત્કારો બને છે?

ચમત્કારનો અર્થ જે વસ્તુ બાબત આપણે કાંઈ જાણતાં નથી તેવી વસ્તુ બની આવવી. અર્થાત્ આપણી સમજણ શક્તિ બહારની વસ્તુ આપણને ચમત્કારિક લાગે છે. સાધકનાં જીવનમાં પણ તેની સમજણ બહારની ઘણી ઘટનાઓ બનતી જ હોય છે.

૨૫ શું યોગિક - સિદ્ધિ એટલે ચમત્કાર કરવાની ક્ષમતા? તેનો ઉપયોગ જીવનમાં કરવો એ શું ખોટું છે?

જગતમાં ચમત્કાર જેવું કાંઈ નથી આપણી સમજણ શક્તિ બહારની વસ્તુઓ જ આપણને ચમત્કાર લાગે છે. તેમ યોગિકસિદ્ધિઓ પણ ચમત્કાર નથી. તેનો પદ્ધતિસરનો અભ્યાસ અને વિકાસ છે. તે આપણી ચેતનાની કોઈ નવી ક્ષમતાનો આવિર્ભાવ હોય છે.

આ નવી ક્ષમતા ધરાવતી ચેતનાનો ઉપયોગ કરવાં જ તે વિકસાવેલી હોય છે. પણ તેનો ઉપયોગ વિવેકથી કરવો જરૂરી છે. તે યોગિક શક્તિ હોવાથી અહંકાર પોષવા તેનો ઉપયોગ ન થવો જોઈએ, તેમજ મિથ્યાભિમાન પોષવા, સ્વાર્થ સાધવા, ગર્વ પોષવા, લોકોને અસહાય કરવા, કીર્તિ મેળવવા ન કરવો જોઈએ. પ્રભુના કાર્યમાં જ તેનો ઉપયોગ થવો જોઈએ.

(પૃ. ૨૩ ઉપરથી)

## યોગ વિષે પત્રો

સમર્થ પ્રાણવાળાનું શરીર પણ મજબૂત જ હોય એવું નથી. ઘણી વખત પ્રાણશક્તિનાં વધારે વપરાશથી શરીર માંદલું રહેતું પણ દેખાય છે.

નબળા પ્રાણવાળા વધારે આધ્યાત્મિક હોય છે એ પણ સાચી વાત નથી. પ્રાણ પોતાની નબળાઈઓ છુપાવવાં આવાં આવરણો તૈયાર કરતો હોય છે.

શારીરિક પ્રાણ પણ હોય છે, જે શરીરની આળપંપાળમાં અને સુખસુવિધામાં જ રચ્યોપચ્યો રહે છે. નાડીતંત્ર સાથે શારીરિક પ્રાણ ખૂબ જ નજીકનો સંબંધ રાખે છે. તે માંદગી, દુઃખ, કામવાસના, ગુસ્સો વગેરેનાં સંવેદનો નિર્માણ કરવામાં કારણભૂત બને છે. પ્રાણમય તત્ત્વને જીતવામાં ભૌતિકપ્રાણ સહુથી છેલ્લો હોય છે, જે અંતે સહકાર આપે છે.

આમ, નીચેથી ઉપર જતાં ભૌતિકપ્રાણ, શારીરિકપ્રાણ, નિમ્નપ્રાણ, શુદ્ધપ્રાણ, મનોમયપ્રાણ, ઊર્મિમયપ્રાણ : આવા વિવિધ સ્તરો પડે છે.

સ્થૂલપ્રાણ એવો શબ્દ શ્રી અરવિન્દ વાપરતા નથી, કારણ પ્રાણશક્તિ સૂક્ષ્મ જ હોય છે, તેનું પ્રગટ થવાનું માધ્યમ કદાચ સ્થૂળ કે સૂક્ષ્મ હોઈ શકે છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

# કામનામુક્ત કર્મ (૯૫)

પ્રકરણ - ૫૫

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૨૦૧-૨૦૮)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**પ્રભુનો આશ્લેષ અનુભવવા માટે કાં તો કામનાઓનો સર્વથા ત્યાગ કરવો જોઈએ કે પછી એની સંપૂર્ણ પરિતૃપ્તિ કરવી જોઈએ, કારણ કે બન્ને પ્રસંગે મહત્ત્વની પૂર્વશરત સંતોષાય છે.કામનાઓનો વિનાશ થાય છે. (૯૫)**

કામનાનો કાયમી અને પૂરેપૂરો સંતોષ શક્ય નથી. તેમજ બધી જ કામનાઓનો સમૂળો ત્યાગ પણ શક્ય નથી. એક ત્યાગો તો તેની જગ્યા બીજી કામના લે છે. આ બન્ને પર્યાયો અશક્ય હોવાથી એક જ માર્ગ રહે છે. એવી ચેતનાની અવસ્થામાં ઊર્ધ્વારોહણ કરવું જ્યાં કામનાઓનો પ્રથમથી જ અભાવ હોય.

આપણા જીવનનો ઉદ્દેશ છે પરમ-પ્રભુનાં સંકલ્પની સ્વયંભૂ, કુદરતી અને સ્વાભાવિક અભિવ્યક્તિ. તે વખતે મન, પ્રાણ શાંત, નીરવ બની જાય છે અને શરીર દ્વારા પરમ-પ્રભુનો સંકલ્પ પ્રગટ થાય છે.

ઘણી વખત મન, પ્રાણના દોષો પ્રભુના સંકલ્પમાં વિકૃત્તિઓ નિર્માણ કરે છે અને ભૂલથી આપણે તે વિકૃત્ત સંકલ્પને જ પ્રભુનો સંકલ્પ માની બેસીએ છીએ. પણ તેનાં પરિણામો જોતાં ભૂલ આપણને સમજાય છે.

ઘણી વખત પ્રભુમાંથી પ્રગટેલું આંદોલન પોતે વિવિધ આંદોલનોને સક્રિય કરી વહેતા કરી મૂકે છે. જેનું સમગ્ર રીતે પરિણામ લાંબાગાળે જ સમજાય છે. તેમાં પેલાં અન્ય કામનામય આંદોલનો વિકૃત્તિ લાવે છે.

વિજ્ઞાનમાં આંદોલનો માટે વાઈબ્રેશન શબ્દ વપરાય છે અને તેની તીવ્રતા દર્શાવવા ફ્રિકવન્સીની કલ્પના આગળ આવે છે જેમાં લોફ્રિકવન્સી,

હાયફ્રિકવન્સી, અલ્ટ્રા હાયફ્રિકવન્સી, મોડ્યુંલેટિંગ ફ્રિકવન્સી જેવાં તરતમ વાચક શબ્દો વાપરે છે.

પ્રભુનું આંદોલનો અને કામનાજન્ય આંદોલનમાં પણ આવો જ કોઈ તફાવત છે. કામનાજન્ય આંદોલમાં મન, પ્રાણનો રઘવાટ હોય છે. પ્રભુના આનંદમાં એક શ્રદ્ધાયુક્ત આત્મવિશ્વાસ હોય છે. એકમાં ચિંતા, અશાંતિ, બીજામાં નિશ્ચિંતતા અને શાંતિ હોય છે.

પ્રભુનું આંદોલન રચનાત્મક અને જ્યોર્તિમય હોય છે. કામનાજન્ય આંદોલનો વિકૃત્તિ નિર્માણ કરે છે. તેઓ વચ્ચે અથડામણ અને સંઘર્ષ હોય છે. કામનાજન્ય બધાં જ આંદોલનોનો ઉગમ અજ્ઞાન હોય છે.

શ્રી માતાજીને ફુડપોઈઝનિંગની એક ઘટના બની. માતાજીને એ સમજવું હતું કે તેમાં સાચા આંદોલનનાં અભાવને કારણે તે ઘટના બનેલી.

શરીરને તે માટે સભાન કરવામાં આવ્યું. તે શાંત અને સશ્રદ્ધ બની ગયું. પ્રભુની ઈચ્છા મુજબ જ થશે, એવી શ્રદ્ધાથી તદ્દન નિરાંત, અનુભવવા લાગ્યું. તદ્દન અક્ષુબ્ધ, અચંચળ..... માતાજીને જણાયું કે તેમનાં શરીરનાં જેટલાં વધુ કોષો પરમાત્માના આ આંદોલનો પ્રત્યે ખુલ્લાં થતાં ગયાં તે બધા તે પરિસ્થિતિમાં પણ સામાન્ય જીવન જીવવા લાગ્યાં. તેથી ખોરાકમાંથી આવેલા ઝેરનું શરીર ઉપર પરિણામ નહિવત્ રહ્યું.

સારાંશ, પરમચેતનામાંથી આવતાં આંદોલનો હોઈ તે પરમતત્ત્વની અભિવ્યક્તિ સ્વરૂપ હોય તો તે રચનાત્મક પરિણામો સર્જે છે. જે આંદોલનો સામાન્ય ભેદમયી ચેતનામાંથી આવતા હોય છે તે બધાં વિનાશાત્મક, વિઘટન કરતા હોય છે.

બધી મુશ્કેલીઓનું મૂળ કામનામાં હોય છે તે આ રીતે સાચું જ છે. કામનાજન્ય આંદોલનો પરમપ્રભુનાં સંકલ્પમાંથી નિર્માણ થતાં આંદોલનોને વિકૃત્ત કરી નાંખે છે. દા.ત. તમે સશ્રદ્ધ બનીને પ્રભુકાર્ય માટે કોઈને મળશો તો તમારું કાર્ય થઈ જશે. કામનાઓને અંદર ભેળવશો તો મુશ્કેલીઓ આવશે.

આનો અર્થ એ કે સારું કરણ પ્રભુને મળી જાય તો તેની દ્વારા તત્કાલિક કાર્યો થવાં લાગે છે કારણ તે તેમાં પોતાની કામનાઓની સેળભેળ થવા દેતો નથી.

# અવિચારી સાહસ

પ્રકરણ - ૨૭

એક શિયાળ સિંહની ચાકરીમાં રહ્યું. તેનું કામ રોજ સવારે પર્વત ઉપર ચડી શિકારનાં નામઠામ વનરાજાને બતાડવાના અને શિકાર કરવા પોરસાવવાના.

સિંહ શિકાર કરે પછી પોતે ભરપેટ ખાય. બાકી રહે તે શિયાળના ભાગનું. આમને આમ વર્ષો વહ્યાં.

શિયાળ પણ હવે જાડું - પાડું થઈ ગયું હતું, તેને વિચાર આવ્યો. હવે પોતે શિકાર કરે અને સિંહ તેનું એઠું ખાય.

સિંહે શિયાળને ઘણો સમજાવ્યો પણ મગજમાં ભરાએલી હવા નીકળી નહિ. સિંહ બોલ્યો, ''ઠીક તું પણ અખતરો કરી જો.''

બીજે દિવસે સિંહે શિયાળને એક અલમસ્ત હાથીના નામઠામ બતાડ્યા. શિયાળ તો ઉપડ્યું શિકાર કરવાં. હાથી પાસે આવ્યું સિંહની જેમ ત્રાડ પાડવાનો પ્રયત્ન કર્યો પણ ફાવ્યું નહિં. હાથી ચિડાયો. શિયાળને સૂંઢમાં પકડી પછાડ્યો અને પગતળે કચડી નાંખ્યો.

શિયાળના તો રામ રમી ગયા.

ઔકાત જોઈને જ સાહસ કરવું. ગણતરી વગરનું સાહસ મૂર્ખાઈ સાબિત થાય છે.

# શ્રી માતાજી - પરમેશ્વરી

સુદિન !

સુદિન ! મધુર માતાજી.

શું બધું ઠીકઠાક ચાલે છે ?

હા, માતાજી, મારાં જન્મ દિવસે તમે મને ''પરમેશ્વરી'' બાબતે કહ્યું હતું..... પરંતુ, હે મા ! મારે માટે તો તમે જ છો પરમેશ્વરી.

મારા બાળક, એ તો એક જ વસ્તુને એક કે બીજી રીતે કહેવાતી રીત છે..... શું, તું નથી સમજતો ?

ના, માતાજી.

જો, વાસ્તવમાં તે એક જ વસ્તુ છે. એમાં કોઈ જ ફરક નથી કે પસંદગી પરમેશ્વર દ્વારા થઈ હોય કે મારાં દ્વારા થઈ હોય. હું એવું કહેવાનું પસંદ કરીશ કે તે પસંદગી હું નહિ પરંતુ, પરમેશ્વર કરે છે. તને ખબર છે કે તે આ પ્રમાણે છે :

આ જગતની ઉત્ક્રાંતિમહી, માનવ, કે જે ઊભરી રહ્યો છે અચિત્ અને અજ્ઞાનમાંથી અને પરમ પરમાત્મા તેને દોરી રહ્યો છે. અને પ્રભુ તેનાં સામ્રાજ્યનો આવિર્ભાવ પૃથ્વી ઉપર કરવાં માટે માનવ ચેતનાને ઉપર ઊઠાવવા પ્રયત્નશીલ રહે છે. જેથી દિવ્ય ચેતનાની સ્થાપના થાય, અને આ માટે તે કોઈને પ્રતિનિધિ તરીકે મોકલતા નથી, પરંતુ તે સ્વયં તેમનાં કાર્યની સિદ્ધિ માટે આ અજ્ઞાનમય જગતમાં દેહરૂપ ધારણ કરે છે. અને મને નિયુક્ત કરવામાં આવી છે અચિત્‌માંથી માનવજાત અને સર્જનનો ઉદ્ધાર કરવા. હું જ છું તેને માટે જવાબદાર. જે હું ઈચ્છું છું તે જ પ્રભુ પણ ઈચ્છે છે,હું જ છું પરમેશ્વરી અપ્રગટમહી. પરંતુ સર્જનમાં પ્રભુ કાર્ય કરે છે મારાં દ્વારા જ. મારાં થકી જ તેનું

અસ્તિત્વ છે અને હું જે ઈચ્છું છું તે સિવાય કશું જ ઈચ્છતા નથી. ત્યાં કોઈ જ ભેદ કરવાનો નથી. પરંતુ, માનવો માટે, પ્રભુ એટલે એ કે જે સર્વથી પર હોય, તેના વિશ્વાતીત સ્વરૂપે કે જેને પ્રાપ્ત કરી શકાય નહિ, પ્રભુ અજ્ઞાનથી પર છે અને સર્વ કાંઈ વસ્તુઓ પ્રતિ ઉદાસીન બની ગયો હોય છે. એવાં લોકોને હું એવું કહેવાનું પસંદ કરીશ કે આ પ્રભુએ જ એની ઈચ્છા થકી કર્યું છે. હું તેમના પ્રભુ વિશેના ખ્યાલ બાબતમાં દખલગીરી કરવા ઈચ્છતી નથી. કારણ કે જો હું આમ કહું કે મેં આ કર્યું છે અથવા પ્રભુની ઈચ્છાને બદલે મારી થકી આ બન્યું છે તો તે એક ઘાતક બાબત બની શકે, એક આઘાત, લોકો તેમનાં અહં સાથે એ સ્વીકારવા તૈયાર નહિ થાય કે પ્રભુ અચિત્‌માં પણ આવિર્ભાવ પામી શકે. આવું તેઓને મૂર્ખતાભર્યું જણાય. આ કારણે જ હું મારી વાતો કરવાનું ટાળું છું અને ''પ્રભુ'' શબ્દનોપ્રયોગ કરવાનું પસંદ કરું છું. મને તેનાંથી કોઈ ફરક પડતો નથી અને પ્રભુ જ તેઓને દોરી રહ્યો છે એવાં તેઓનાં ખ્યાલમાં સંતુષ્ટ રહી શકે છે.

પરંતુ, હે માતાજી ! મારે માટે તો તમે જ પ્રભુ છો, હું તમારા સિવાય બીજા કોઈને પણ પ્રભુ તરીકે જાણતો નથી.

મારે માટે તે કોઈ ચિંતાની બાબત નથી કે વ્યક્તિ મને પ્રભુ કહે કે ન કહે, તેનાથી મને કોઈ ફરક પડતો નથી. મને ખબર છે કે હું કોણ છું. હું કોઈ અહંકારીની માફક મોટાં નામો માટે મહાત્વાકાંક્ષા ધરાવતી નથી. મને એટલી જ ખબર છે કે પ્રભુનું કાર્ય આગળ ધપી રહ્યું છે અને તેને માટે જ હું તૈયારી કરી રહી છું, નહિ કે મારું નામ મોટું બને જેથી લોકો મને પ્રભુ કહે. આ સર્વ બાબત મેં બાજુએ મૂકી દીધી છે. મને તેની કોઈ જરૂર નથી. આ રીતે હું ખૂબ જ સુખી છું. જ્યાં સુધી લોકોને ખાતરી છે કે પ્રભુ જ આ કે પેલું કરે છે, તેઓનું રક્ષણ કરે છે અને દોરે છે, મારે માટે તે બરાબર છે. આ બધી બાબતોમાં હું દખલગીરી કરવા માગતી નથી કે દાવો પણ કરવાં ઇચ્છતી નથી કે મેં જ આ બધું કર્યું છે. કારણ કે વાસ્તવમાં તે બધું એક જ છે, હું લોકો પર દબાણ કરવાં માગતી નથી. જો તેઓને એવું કહેવાથી આનંદ થતો હોય કે પ્રભુ જ આ બધું કરે છે નહિ કે હું, તો આ રીતે એક કે બીજી રીતે લોકો કહેતાં હોય તેનાંથી શો ફરક પડે ?

મારે માટે તો તે આ પ્રમાણે છે. પરંતુ તારે માટે તેને અલગ બાબત છે, તારે માટે હું પ્રભુછું - પરમેશ્વરી છું.

હા, માતાજી.

તે જ પ્રભુ તેનાં વિશ્વાતીત રૂપે બ્રહ્માંડને ટકાવી રાખે છે અને ''તે'' જ સર્જનમાં સર્વવ્યાપક રીતે નાનામાં નાના અણુમાં રહે છે. ''તે'' જ આ પાર્થિવ ઉત્ક્રાંતિ અને આવિર્ભાવ માટે જવાબદાર છે અને તેને તે પ્રકાશ અને આનંદ પ્રતિ ઊંચે ઊઠાવી રહ્યો છે. પરંતુ હું લોકો સમક્ષ જાહેરાત નથી કરી શકતી કે હું જ પ્રભુ છું. - પરમેશ્વરી છું, લોકો તે સ્વીકારી શકશે નહિ. ''શ્રી માતાજી'' - પરમ પ્રભુ ! તે કઈ રીતે હોઈ શકે ! તે શક્ય નથી. લોકો માટે, પ્રભુ એટલે કે જે અકલ્પનીય હોય. ખબર નથી કે પ્રભુ તેઓ માટે કોઈ નિરાકાર સ્વરૂપ કે જે અપ્રાપ્ય હોય. તેઓ ગાંડા બની જશે જો આ રીતે વિચારે તો. અહંકાર તે સ્વીકારી શકશે નહિ. માટે હું એવું કહેવાનું પસંદ કરું છું કે પ્રભુ જ આ રીતે ઇચ્છે છે અને કદી પણ જાહેર કરતી નથી કે, હું માતાજી જેણે આ પ્રમાણે ઇચ્છયું છે કે મેં જ આ પસંદ કર્યું છે. હું તને કહું છું કે મેં પસંદગીપૂર્વક પડદા પાછળ રહેવાનું સ્વીકાર્યું છે. શું તું સમજે છે ? શું તું બરાબર સમજ્યો છે ?

હા, માતાજી.

સારું ત્યારે, હું તને કાંઈક કહીશ. તે દિવસોમાં, પૂજાનાં દિવસો દરમિયાન હું ''ખાસ આશીર્વાદ'' આપતી. તે દિવસોમાં મારી પાસે દુર્ગા અને બીજી આશીર્વાદ આપતી દેવીયો આવતી, તદ્ઉપરાંત સમયાંતરે તેઓ મને મળતાં પણ. તેઓ વારા ફરતી આવતાં. અત્યારે તેઓ એક કે બીજા કામ માટે આવે છે. અને મને ખબર નથી કે ગયે વર્ષે કે તેનાં આગલાં વર્ષે - જો કે સમય મારે માટે મહત્ત્વનો નથી; વાસ્તવમાં તેનાંથી કોઈ ફરક પડતો નથી., ત્યારથી મેં પૂજા દિવસોનાં આશિર્વાદો આપવાનું બંધ કરી દીધું હતું, જે હોય તે પરંતુ તે સમય પૂજાનાં નજીકનાં દિવસોનો હતો અને દર વર્ષની માફક દુર્ગા મારી પાસે આવી, બીજાં બધાં બાળકોની માફક તે ખૂબ જ સુંદર અને પ્રચંડ હતી, પરંતુ તે એક એવું સત્ત્વ હતું જે વૈશ્વિક શક્તિને ધારણ કરતું હતું અને મેં તેને કહ્યું, ''હું આ બધાં

નાનાં સત્ત્વોનો અંત નહિ આવે અને શું હવે ક્ષુદ્ર અંગત અહંને પાછળ મૂકી એક માત્ર પ્રભુ પ્રતિ વળવાનો સમય નથી આવ્યો ?''

પછી શું થયું તે તને ખબર છે ? કાંઈક આશ્ચર્યજનક અને અણધાર્યું બન્યું; ખૂબ જ કૃતજ્ઞતા સભર નમ્રતાપૂર્વક તેણે સર્વસ્વ પ્રભુ માટે છોડી દીધું અને તે પણ એવાં તો આનંદપૂર્વક અને સહજ રીતે હતું કે તેને શબ્દોમાં વ્યક્ત કરી શકાય તેમ નથી, પરંતુ તેને જોવા માટે અનુભૂતિ જોઈએ. અને દુર્ગાએ મને કહ્યું, ''હા, હું પૂર્ણરૂપે તારી જ છું, જે તું ઈચ્છશે તે જ હું કરીશ, હું તને જ મારી જાત અર્પણ કરું છું.'' અને તેણે મારાં ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કર્યાં. તે એક પરિપૂર્ણ સમર્પણ હતું. તેમાં કોઈ જ હિચકિચાટ ન હતો. તે એટલું તો સુંદર હતું. પછી મેં તે દિવસથી પૂજાનાં દિવસોમાં આશીર્વાદ આપવાનું બંધ કરી દીધું કારણ કે હવે તેની કોઈ જરૂરિયાત ન હતી. તે પૂર્ણ થયું છે. સદાને માટે..... ઓહ ! કેવું તો સુંદર કાર્ય હતું ! કેવાં તો મોહક હાવભાવો હતા !

એક માત્ર પ્રભુને જ આપણે આપણી ભક્તિ અને કૃતજ્ઞતા મોકલીએ છીએ. ફક્ત પ્રભુને જ બીજા કોઈને નહિ ! તે પ્રકરણ પૂરું થયું છે, વૈશ્વિક દેવોનું સામ્રાજ્ય પૂર્ણ થયું છે. હવે આપણા માટે પરમ પ્રભુ જ રહ્યા છે. બીજું કાંઈ નહિ.

તે પહેલાં પણ એક મુલાકાત થઈ હતી. ઘણાં વખત પહેલાં. ત્યારે હું પ્લેગ્રાઉન્ડ પર જતી હતી. એક દિવસ દુર્ગા આવી હતી અને મેં એને આવો જ પ્રશ્ન કર્યો, ''ક્યાં સુધી તમે લોકો પાસે વફાદારીની ઇચ્છા રાખશો ? શું હવે સમય નથી પાક્યો કે આપણે ફક્ત પ્રભુને જ ભજીએ ?'' પછી તેમણે મને નરમાશથી કહ્યું, ''હું એવું ઇચ્છું છું, હું તમારી જ છું, પરંતુ તમે જાણો છો કે લોકો મને વળગી રહ્યાં છે અને મને છોડવાં ઇચ્છતા નથી.'' તેઓ બધા આ પ્રકારના છે. (હાવભાવ) લોકો તેમનાં અહંકારને વિસ્તૃત કરતા હોય છે, આ અહંકાર સાથે તેઓ હજી પણ ભૂતકાળને અનુસરવાનું પસંદ કરતા હોય છે, અને નાનું શું જે  કાંઈ તેમના અહંકારને સંતોષે - તેને તેઓ કદી છોડતાં નથી, પ્રભુ માટે પણ નહિ. વ્યક્તિ જ પોતાને બદલવા ઇચ્છતો નથી, કારણ કે તે તેનાં માલિકી અને અહંકારને છોડવા માંગતો નથી. વ્યક્તિ જ ભેદ કરે છે. ખરેખર દુર્ગા મારે માટે સમર્પિત થઈને કાર્ય કરવા ઇચ્છતી હતી પરંતુ તે એવાં લોકો વડે

પૂરેપૂરી બંધાઈ ગયેલી હતી જેઓ તેની પૂજા કરતાં હતાં અને પોતાનાં અંગત લાભો માટે તેમની પ્રાર્થનાઓ મોકલતાં રહેતાં હતાં અને બીજું કાંઈ નહિ. માનવો દુર્ગાને છોડવા માંગતા નથી કારણ કે તેઓ તેના આધારને અને તેના અહંના સંતોષને ગુમાવવા માગતા નથી. તેઓ તેમને વળગી રહે છે અને રસ્તામાં રૂકાવટ લાવે છે.


પરંતુ, આ સુંદર અનુભૂતિઓમાંથી કાંઈક બની આવ્યું. હું તેની સાથેનાં સહકારથી કોઈ કાર્ય પાર પાડી શકી. નૂતન વર્ષની પ્રાર્થનામાં મેં લખ્યું હતું કે પ્રકૃતિ સહકાર આપશે - શું તને તે પ્રાર્થના ખબર છે?

હા, હા માતાજી.

આ રીતે ધીમે ધીમે દુર્ગા પોતાની જાતને સંપૂર્ણપણે સમર્પિત કરી શકી અને હવે આપણને પ્રભુને જ ભજીયે છીએ. હવે તે મારામાં પ્રવેશી ગઈ છે. શું તું સમજે છે?

હા, માતાજી.

પરંતુ, હજી પણ બીજા દેશોમાં અને ધાર્મિક દેવી - દેવતાઓમાં આ અવરોધ વર્તાય છે, હું તેમનું રૂપાંતર કરવા પ્રયત્ન કરું છું. પરંતુ, અહીં તે સમાપ્ત થઈ ગયો છે. પરંતુ ખરેખર આનો શો અર્થ છે તે કોઈ સમજશે નહિ. તેઓ તેને વિરૂપ અને વિકૃત કરી દેશે. કારણ કે તે તેમની સમજની બહારની વસ્તુ છે. તેઓ ઘટનાને કલ્પી પણ ન શકે કે દેવો મને સમર્પિત થઈ શકે. તેઓ માટે આ અકલ્પનીય છે.....


1958

O Nature, Material Mother,
thou hast said that thou
wilt collaborate and there
is no limit to the splendour
of this collaboration.

૧૯૫૮ના વર્ષ માટે શ્રી માતાજીએ આપેલ સંદેશ.

''હે પ્રકૃત્તિ, પાર્થિવ માતા, તે કહ્યું છે કે તું સહભાગી બનશે અને આ ભાગીદારીની ભવ્યતાની કોઈ સીમા નથી.'' - શ્રી માતાજી

(સૌજન્ય : શ્રી મોના સરકાર લીખીત "The Supreme"ના ગુજરાતી અનુવાદ 'પરમ'ના પૃ.૫ થી ૧૦)

તા. ૨૪ એપ્રિલ શ્રી માતાજીના કાયમી આગમનદિન - દર્શન દિન નિમિત્ત સર્વે વાચકોને શ્રી માતાજીના આર્શીવાદ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના.

- સહજ સત્સંગ પરિવાર

---

(પૃ.૨૭ ઉપરથી)

# વેદ-રહસ્ય

૨૧ માયા શબ્દ પણ (મિથ) તે જ ધાતુમાંથી બન્યો છે. માયા સમજપૂર્વક રચના કરતું જ્ઞાન છે. તે પ્રાણીની ચેતનાનુસાર તેનાં પોતાનાં લોકનું નિર્માણ કરે છે. પૃ.૧૨૯

૨૨ દોષરહિત સર્જનાત્મક જ્ઞાનનો માયા અંશ છે. પૃ.૧૨૯

૨૩ અર્યમા પોતાનો માર્ગ મિત્રની ધારણા વડે, મિત્રના રચેલાં પાયા વડે સિદ્ધ કરે છે. (મિત્રસ્ય ધર્મભિઃ મિત્રસ્ય ધામ ભિઃ) પૃ.૧૨૯

૨૪ પાંચેય આર્યજાતિઓ આ પ્રકાશયુક્ત મિત્રને મેળવવા પ્રયત્ન કરે છે. પૃ.૧૨૯

૨૫ વરુણ પરમધામ પ્રત્યે ગતિ કરાવે છે. (દર્શાવે છે.) મિત્ર તે માર્ગે આગળ ધપાવે છે. પૃ.૧૨૯

૨૬ જન્મથી જ પરિપૂર્ણ એવા તે બે પુત્રો આપણા કાર્યના નિયમને ટકાવી રાખે છે. પૃ.૧૩૦

૨૭ અનૃતને તે વિચાર વડે (ઋષિની જેમ)પકડી પાડે છે. પૃ.૧૩૦

૨૮ તેઓ પ્રભુની માયા વડે સ્વર્ગમાંથી વૃષ્ટિ કરાવે છે. તે વૃષ્ટિ આધ્યાત્મિક સુખ આપે છે. (વૃષ્ટિં વાં રાધો અમૃતત્વમીમહે) (૫-૬૩-૨). પૃ.૧૩૦

## સહજ-સત્સંગ

**ધ રજીસ્ટ્રેશન ઑફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ,**

**૧૯૫૬ અન્વયે સહજ-સત્સંગ (માસિક) અંગે માહિતી**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રકાશનનું સ્થળ | : | રાજકોટ |
| ૨. | પ્રકાશનની સામયિકતા | : | માસિક |
| ૩. | મુદ્રકનું નામ | : | મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર વતી<br>લલિતભાઈ ઉપાધ્યાય (લા મેરે પ્રિન્ટરી) |
| | રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| | સરનામું | : | અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,<br>કાલાવડ રોડ, રાજકોટ |
| ૪. | પ્રકાશકનું નામ | : | મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ વતી<br>શ્રી કમલેશભાઈ માંડવિયા |
| | રાષ્ટ્રિયતા | : | ભારતીય |
| | સરનામું | : | અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,<br>કાલાવડ રોડ, રાજકોટ |
| ૫. | પત્રના માલિકનું નામ | : | મા શ્રી અરવિંદ સાધના ટ્રસ્ટ |
| | તથા સરનામું | : | અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી,<br>કાલાવડ રોડ, રાજકોટ |

અમે નીચે સહી કરનારા આથી જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી પૂરેપૂરી જાણ તથા માન્યતા મુજબ સાચી છે.

**મુદ્રક : લલિતભાઈ ઉપાધ્યાય,**

**પ્રકાશક : કમલેશ માંડવિયા, તંત્રી : માનસિંહ ચાવડા**

**તા. ૧૪.૪.૨૦૧૫**

# श्री भगवत्याराधना

प्रो. पुष्पाबेन जाला

१ आद्यशक्तिं परोत्कृष्टां विश्वशक्तिं नमाम्यहम् ।
निगमां श्रुतिरूपां त्वां नारायणीं नमाम्यहम् ।।

२ प्रज्ञानधनरूपां त्वां संवादितां नमाम्यहम् ।
महामंगलकर्त्रीं त्वां महाशान्तिं नमाम्यहम् ।।

३ श्री विद्यामात्मविद्यां त्वां परतमां नमाम्यहम् ।
दिव्यजीवनदात्रीं त्वां विश्वेश्वरीं नमाम्यहम् ।।

४ महेश्वरीं महाकालीं महालक्ष्मी सरस्वतीम् ।
श्रतुर्विद्यां महाशक्तिं ब्रह्मविद्यां नमाम्यहम् ।।


## શ્રી મહાભગવતી - આરાધના

૧ પરમ ઉત્કૃષ્ટ આદ્યશક્તિને, વિશ્વશક્તિને હું નમન કરું છું.
જે વેદરૂપા છે, જે શ્રુતિરૂપા છે એવાં નારાયણીને હું નમન કરું છું.

૨ જે પ્રજ્ઞાધન રૂપ છે એવાં સંવાદિતા સ્વરૂપ આપને નમન કરું છું.
મહામંગલ કરનારાં, મહાશાંતિરૂપ આપને નમન કરું છું.

૩ શ્રી વિદ્યારૂપ, આત્મવિદ્યારૂપ પરમમાં ય પરમ આપને હું નમન કરું છું. દિવ્યજીવન આપનારાં આપ વિશ્વેશ્વરીને હું નમન કરું છું.

૪ મહેશ્વરી, મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી એવાં ચતુર્વિધ મહાશક્તિ આપ બ્રહ્મવિદ્યાને હું નમન કરું છું.



# શ્રી અરવિંદ

And sometimes, when our sight is turned within,
Earth's ignorant veil is lifted from our eyes;
Our souls can visit in great lonely hours
Still regions of imperishable Light.

The Secret Knowledge - Savitri 1-4-47

## આંતર - સનાતન - પ્રકાશનાં દર્શન

અને અચાનક કોઈ દિને, આંતરદૃષ્ટિ અંદર વળે,
શરીરનું આવરણ હટી જતું, ને આંતરદૃષ્ટિ પ્રખર બને,
તે નિઃશબ્દ અવસરે, આત્માનો ભેટો થાએ,
એ પ્રદેશે જ્યાં સ્થિત બધું, ને અવિનાશી પ્રકાશ પ્રગટે.

ગુપ્તજ્ઞાન - સાવિત્રી - બુ.૧, કેન્ટો-૪, પૃ.૪૭

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2015-2017
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

## શ્રવણમ્



માનવ મનોમય પ્રાણી ગણ્યું, વિચારોથી સદા ઘડાય,
અનુભવ વિચારોનું સર્જન રે, શ્રવણ દર્શન અનુભવ ગણાય.
ચર્ચા, પ્રવચન, વાંચન બધું, એ શ્રવણ-ભક્તિનાં રૂપ,
શ્રવણ દ્વારા દિવ્યપ્રકૃતિનું ઘડતર, એ સામુહિક-ભક્તિ સ્વરૂપ.
તેથી વ્યાસે પુરાણો લખ્યાં, મનારંજન સાથે સંસ્કાર,
તેનાં આખ્યાનો પ્રતીકરૂપ ગણ્યાં, ન માત્ર મનોરંજન પૂરબહાર,
યોગિક-પ્રક્રિયા દર્શાવતા, ગૂઢ સાધનાનું અંતરંગ,
શ્રવણ દ્વારા જીજ્ઞાસા વધે, આધ્યાત્મિક-સમજણનો અભિગમ.
સાધનાનું માર્ગદર્શન મળે, ને શ્રેય-પંથનું દર્શન,
વિકસિત અવસ્થામાં પણ કહ્યું, શ્રવણનું મહત્વ અકબંધ.
આંતરપ્રેરણા કે આંતરદર્શનરૂપ, જેને સાધક અનુસરે,
આત્માનો અવાજ સાંભળે, એમ શ્રવણભક્તિ પ્રસરે.
પુરાણોની યુક્તિ અજમાવી, શ્રી અરવિન્દ સાવિત્રી લખે,
એનું વાંચન, શ્રવણ ઉપયોગી, એમ શ્રી માતાજી પણ વદે.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત